Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com


**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

卐 दंसणमूलो धम्मो 卐

[ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે ]




૩૮૫



ૐ

"અનેકાન્તિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી." શ્રી રાજચંદ્ર

અનેકાન્તિક માર્ગ એટલે કે ઉપાદાન પણ છે, નિમિત્ત પણ છે. અભેદ પણ છે, ભેદ પણ છે. શુદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે. દ્રવ્ય પણ છે, પર્યાય પણ છે. નિશ્ચય પણ છે અને વ્યવહાર પણ છે. એમ હોવા છતાં સમ્યક્ એકાંત એવા શુદ્ધ દ્રવ્ય સ્વભાવના આશ્રય વિના નિજપદની પ્રાપ્તિ થઈ શકતી નથી અને શુદ્ધ સ્વભાવના આશ્રય સિવાય ભેદ, નિમિત્ત, વ્યવહાર, અને પર્યાય નું અનેકાંતિક જ્ઞાન પણ યથાર્થ થઈ શકતું નથી.

પૂ. ગુરુદેવનો મંગલ સંદેશ

( પોતાના હસ્તાક્ષરમાં )

તંત્રી : પુરુષોત્તમદામ શિવલાલ કામદાર

વીર સં. ૨૫૦૨, કારતક ( લવાજમ : છ રૂપિયા ) વર્ષ ૩૩ : અંક ૧

# ❀ સ્વતત્ત્વના સ્વીકાર વડે જ્ઞાનજ્યોતિરૂપી દીવડો પ્રગટાવો ❀

રાગથી વિભક્ત ને સ્વભાવથી એકત્વના સમ્યક્‌બોધસ્વરૂપ નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશ વડે આત્માને દિપાવવો તે સાચી દીપાવલી છે. (તા. ૩-૧૧-૭૫ ના પ્રવચનમાંથી)

અહો, આજથી ૨૫૦૧ વર્ષ પહેલાં, આસો વદ ૧૪ ની પાછલી રાત્રે, ચાર અઘાતિકર્મનો ક્ષય કરીને અરિહંત ભગવાનમહાવીર સિદ્ધ-પરમાત્માદશાને પામ્યા. કેવળજ્ઞાન થયું ત્યારે જ ભગવાનને ભાવમોક્ષ પ્રગટ થઈ ગયો હતો, આજે સકળ કર્મકલંક રહિત પરમશ્રીરૂપી મુક્તિકામિનીના વલ્લભ થયા.

અહા, વસ્તુનું સ્વરૂપ તો જુઓ! જે સમયે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તે જ સમયે તેઓ લોકાગ્રે બિરાજમાન થયા. જે સમયે નિર્વાણ તેજ સમયે લોકના અસંખ્ય પ્રદેશોનું ઉલ્લંઘન ને તે જ સમયે લોકઅગ્રે સ્થિત થયા. સમય એક ને ઘટના ત્રણ! ભગવાને આવું કેવળજ્ઞાનમાં જોયું છે માટે તેમ છે- એમ નથી, પણ વસ્તુનું આવું જ કોઈ ગહન સ્વરૂપ છે ને જેવું સ્વરૂપ છે તેવું જ ભગવાને જોયું-જાણ્યું છે.

જુઓ તો ખરા! એક ક્રિયાવતીશક્તિની કેટલી તાકાત છે! સમય એક જ ને બનાવ ત્રણ!! આવી આવી તો અનંતી શક્તિઓ તારામાં ભરપૂર ભરી પડી છે પણ તને એનો વિશ્વાસ ક્યાં છે? એકવાર જ્યારે તને તારા અનંતશક્તિના નાથ પરમાત્માનો મહિમા આવે, વિશ્વાસ આવે ત્યારે જ દીપાવલી પર્વની તેં સાચી ઉજવણી કરી કહેવાય, અને તો જ જેવી પરમાત્મજ્યોતિરૂપ દીપાવલી ભગવાન મહાવીરે પોતાની પરિણતિમાં પ્રગટાવી તેવી દીપાવલી તારા આત્મામાં પણ પ્રગટે. ૨૫૦૧ વર્ષ પહેલાં આજના દિવસે મહાવીરભગવાન સિદ્ધપરમાત્મદશાને પામ્યા. જુઓ, જીવના વીર્યની દશા! ઋષભદેવ ભગવાનના સમવસરણમાં તેઓ (મરિચિપણે) હોવા છતાં ઊંધા પુરુષાર્થથી અસંખ્ય અબજો વર્ષો સુધી અનેક કુગતિમાં રખડયા; અને પૂર્વના દશમા ભવે હરણને મારતી વખતે મુનિરાજના દર્શન ને ઉપદેશથી ભવાન્તકારી નિર્મળ પરિણતિ પામ્યા. મરિચિના ભવમાં સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા છતાં પોતાના આત્માને ન ઓળખી શક્યા ને સિંહ જેવી ક્રૂર-હિંસક તિર્યંચદશામાં આત્મદર્શન પામી ગયા....! અહીં પણ ઉપાદાનકારણની જ સિદ્ધિ થઈ; સાક્ષાત્ દિવ્યધ્વનિ, (અનુસંધાન પૃષ્ઠ નં. ૨૬ ઉપર)

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૩
અંક ૧

વીર સં. ૨૫૦૨
: કારતક :
ઇ. સ. 1975
NOV.




## ❁ મંગળ સુપ્રભાતે પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલકારી ઉદ્‌ગારો ❁

"આજે મંગળ દિવસ છે અને માંગલિકનું કારણ છે. મંગ એટલે આત્માની પવિત્રતા જેમાં પ્રગટ થાય, મમ્ એટલે અહંકાર જેમાં ગળે એનું નામ પવિત્રતા, એનું નામ માંગલિક, એ માંગલિકરૂપે નિયમસારની ૪૩મી ગાથામાં આત્મા આવો છે એમ કહ્યું."

નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,
નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે.

(નિયમસાર ગાથા ૪૩)

૪૩ એટલે ૪+૩=૭, સાત પ્રકૃતિનો નાશ કરે અને વીતરાગતા પ્રગટ કરે એવા નવ બોલ આ ૪૩ મી ગાથામાં છે.

ત્રિકાળી ભગવાન, જેમાં દ્વન્દ નથી–બેપણું નથી, અદ્વૈત અખંડાનંદ પ્રભુ છે. એવો જે સમભાવી વીતરાગસ્વરૂપ પ્રભુ, તેનો નિર્ણય વિકલ્પ કે નિમિત્ત કે ધ્રુવ કરતો નથી, પરંતુ તેનો નિર્ણય પર્યાય કરે છે. ધ્રુવનો નિર્ણય પર્યાય કરે છે કેઃ હું આ આત્મા,–નિર્દંડ તે આત્મા, નિર્દ્વંદ તે આત્મા, નિર્મમ તે આત્મા, શરીર રહિત તે આત્મા, નિરાલંબ તે આત્મા, નિરાગ તે આત્મા, નિર્દોષ તે આત્મા, નિર્મૂઢ તે આત્મા, નિર્ભય એટલે કે મારા દુર્ગ–કિલ્લામાં કોઈનો પ્રવેશ નથી એટલે ધ્રુવનો એવો કિલ્લો છે કે એમાં કોઈનો પ્રવેશ નથી–એવો છું. આત્માને આવો જાણવો, એવી દ્રષ્ટિ કરવી અને અનુભવ કરવો એ માંગલિક છે. આ દિવસ પણ મંગળ ( મંગળવાર ) છે, અને માંગલિકની આ વાત ૪૩મી ગાથામાં આવી છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન છે, તેને વર્તમાન નિર્મળ પર્યાય ગ્રહે છે કે 'આ હું છું, આ હું છું, આ આત્મા હું છું'–એમ દ્રવ્યની સન્મુખ થયેલી પર્યાય આ રીતે દ્રવ્યનો સ્વીકાર કરે તે માંગલિક છે.

[ વહેલી સુપ્રભાતે પૂ. ગુરુદેવશ્રીના હૃદયોદ્‌ગાર ]

## સા ધ ક જી વ

સિદ્ધદશાને સાધવા નીકળેલા સાધક જીવ પોતાના મોક્ષના માંડવે ભગવાનને ઉતારતાં કહે છે કે : હે સિદ્ધભગવાન ! મારા આત્મામાં બિરાજો...હું મારા આત્મામાં સિદ્ધપણું સ્થાપું છું...દ્રવ્યદ્રષ્ટિથી જેણે પોતાના આત્માને સિદ્ધ સમાન પ્રતીતમાં લીધો તેણે જ આત્મામાં સિદ્ધપણું સ્થાપ્યું... તેના આંગણે મોક્ષના માંડવા નંખાયા... હવે અલ્પકાળમાં તેને સિદ્ધદશા થયા વિના રહેશે નહીં.

# બેસતા વર્ષની બોણી

[ આત્મ–પ્રાપ્તિની ઝંખનામાં ઝૂરતા જીવોને નૂતન–વર્ષારંભના શુભ દિને આત્મસ્પર્શી મંગલ સંબોધન ]

“આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરવું. તે જ કરવાનું છે. આત્મા ચૈતન્યસ્વરૂપ છે, આત્મા જ્ઞાયકસ્વરૂપ છે. એને ઓળખવો, એમાં દ્રષ્ટિ કરવી.

આત્મા તો બધાથી ભિન્ન છે; શરીર જુદું, શુભાશુભ ભાવ જુદા; હું જુદો છું. આત્માનું ચૈતન્યઅસ્તિત્વ ધ્રુવરૂપ છે. બહારમાં ક્યાંય મહિમા–મહિમારૂપ કોઈ વસ્તુ નથી. ચૈતન્ય જ મહિમારૂપ છે, આનંદરૂપ છે. ચૈતન્યમાં જ શાંતિ છે, માટે ચૈતન્યને ઓળખવો. એ જ્ઞાયક આત્મા પોતે જાણનારો છે, ભ્રાંતિને લઈને જાણે પરમાં પ્રવેશ કરું છું એવી અજ્ઞાનદશા થઈ ગઈ છે. પરથી જુદો છે; જ્ઞાયક પોતે સ્વને જાણનારો ને પરને પણ દૂર રહીને જાણનારો છે; એમાં પ્રવેશ કરતો નથી; એનો કર્તા પણ થતો નથી. પોતે જ્ઞાયક રહીને જાણવાનો એવો સહજ સ્વભાવ છે. સહજ સ્વભાવને લક્ષગત કરવાનો છે. આત્મા અનાદિથી ચૈતન્યસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ હતો; એનું જે અસ્તિત્વસ્વરૂપ, એના ઉપર દ્રષ્ટિ કરી એને હવે જાણવો, તે કરવાનું છે.

જ્ઞાનમાં બધું જાણે; ને દ્રષ્ટિ એક અસ્તિત્વ ઉપર–ચૈતન્ય ઉપર કરવાની છે, તે કરવાનું છે, અનંતકાળથી એક આત્માનું લક્ષ ન કર્યું, ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કર્યું નથી, માટે એને ગ્રહણ કરવું. એમાં જ સર્વસ્વ છે, એમાં જ સાર છે, તે જ મંગળરૂપ, શરણરૂપ, ઉત્તમરૂપ છે; દેવ–શાસ્ત્ર–ગુરુ મંગળરૂપ છે, કારણકે તે આત્માની સાધનાનો મંગલ માર્ગ બતાવી રહ્યા છે. માટે દેવ–શાસ્ત્ર–ગુરુ પણ મંગળરૂપ છે.”

દ્રષ્ટિ કરનાર અને ધ્રુવ, તે વિશે ગંભીરપણે સરળ ભાષા દ્વારા સમજાવતાં કહ્યું કે “ધ્રુવ તો અનાદિ–અનંત છે, દ્રષ્ટિ તો એને જુએ છે; તે જોનારી પર્યાય છે, દ્રષ્ટિ કરનારી પર્યાય છે. વસ્તુ તો અનાદિ–અનંત છે. પર્યાય તો ક્ષણે ઉત્પન્ન થાય,–એવી પર્યાય છે, એ કાંઈ દ્રષ્ટિના વિષયમાં–ધ્રુવમાં આવી જતી નથી. ધ્રુવ તો અનાદિ–અનંત શાશ્વત જ છે; દ્રષ્ટિ તો એને જોનારી છે; તે સામાન્ય સ્વરૂપને જોનારી છે; જે અસ્તિત્વ અનાદિ–અનંત છે તેને જોનારી છે. આત્માના સામાન્ય સ્વરૂપને જોનારી દ્રષ્ટિ તે જ સમ્યગ્દર્શન છે.

# અસંગી દ્રવ્યસ્વભાવને ઉગ્રપણે સાધવા નીકળેલા વિરક્ત આત્માનું કુટુંબીજનોને વૈરાગ્ય ભર્યું સંબોધન

જેને જ્ઞાનજ્યોતિના ઝળહળતા પ્રકાશમાં ગૃહવાસ કારાગૃહ સમાન દેખાય છે, જેની વૃત્તિ સાંસારિક કાર્યોથી ઉદાસ–ઉદાસ થઈ ગઈ છે, ને જે ચારિત્રદશા અંગીકાર કરવા, ઘર–બાર છોડવા તત્પર બન્યો છે એવો મોક્ષાર્થી જીવ, પોતાના કુટુંબીજનોની વિદાય લેતાં, તેઓને વૈરાગ્યની પ્રેરણા આપતાં, કહે છે કેઃ

હે, સ્નેહી જનો! તમે જાગો, મનુષ્યભવ અત્યંત દુર્લભ છે. અજ્ઞાનમાં રહીને સદ્વિવેક પામવો અશક્ય છે. આખો લોક કેવળ દુઃખથી સળગ્યા કરે છે, અને પોતપોતાનાં ભાવ કર્મો વડે અહીં તહીં ભમ્યા કરે છે. એવા સંસારથી મુક્ત થવા હે જીવો! તમે સત્ત્વર આત્મભાન સહિત જાગો! જાગો!

હે જીવો! આ સ્નેહી જનોનો સંયોગ તો ઊંચા પહાડની ટોચ પર પવનના ઝપાટા ખાતા દીપક જેવો ચંચળ છે. વળી તેઓ તો માત્ર ભોજનાદિ ગૃહકાર્યોમાં જ સાથ આપી શકે છે, પરંતુ મૃત્યુ સમયે તે સર્વે વ્યર્થ છે.

હે, કુટુંબીજનો! હું મારા અતીન્દ્રિય આનંદમાં વસવાટ કરવા જઈ રહ્યો છું, માટે તમે મને સ્નેહબંધનમાં જકડયા વિના પ્રેમથી વિદાય આપો.

હે આ પુરુષના (આત્માના) શરીરના બંધુવર્ગમાં વર્તતા આત્માઓ! હું જરાયે તમારો નથી ને તમે જરાયે મારા નથી, માત્ર ભ્રાંતિથી તેવી માન્યતા હતી. જ્ઞાનજ્યોતિ વડે એવા ભ્રમને છોડો ને અનાદિ બંધુ એવા નિજઆત્મા સાથે સંબંધ સાધો. અમને તો આવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ હોવાથી હવે અમે અમારા આત્મબાંધવનો વિરહ સહન નહીં કરી શકીએ, માટે મને દીક્ષા લેવાની રજા આપો.

અહો આ પુરુષના શરીરના જનક તથા જનનીના આત્માઓ! તથા આ પુરુષના શરીરના પુત્રના આત્મા! નિશ્ચયથી એમ જાણો કે અમારે ને તમારે જનક–જન્ય એવો કોઈ સંબંધ છે જ નહીં. અમારો જનક–જન્યસંબંધ માત્ર નિજ–આત્મામાં દ્રવ્ય–પર્યાય વચ્ચે જ છે. હવે અમે તેના સહવાસમાં વસવાટ કરવા જઈ રહ્યા છીએ; માટે વિદાય આપો.

હે આ પુરુષના શરીરની રમણીના આત્મા! આ શરીરની રમણી તે આત્માની રમણી નથી, આ પુરુષના આત્માને તારા આત્માએ રમાડયો જ નથી. આજે આ આત્મા સ્વાનુભૂતિરૂપી જે પોતાની અનાદિ રમણી તેની પાસે જઈ રહ્યો છે, અર્થાત્ ત્રિકાળ સ્વાનુભૂતિરૂપ જે સ્વભાવ તેની પાસે આજે પર્યાય જાય છે. આજે અમે અમારી પરમશ્રીરૂપી કામિનીના લગ્ન–મંડપમાં જઈ રહ્યા છીએ, માટે વિદાય આપ.

અહો! જાણે આપણી નજર સમક્ષ કોઈ જીવ આત્મભાન પૂર્વક દીક્ષા લેવા જઈ રહ્યો હોય એવું દ્રશ્ય, આ ગાથાની ટીકામાં આચાર્યદેવે ખડું કરી દીધું છે! કેવી અદ્‌ભુત શૈલી છે કે શ્રમણ થવા ઇચ્છનારની વૈરાગ્ય દશાનું વર્ણન સાંભળતાં મુમુક્ષુજીવો પણ, એવો અપૂર્વ અવસર અમને આવે તેમ–ભાવના ભાવવા લાગે છે.

વડીલો કે સ્નેહીજનોની સંમતિપૂર્વક જ મુનિદશા અંગીકાર કરવાનો કોઈ નિયમ નથી. ભરતચક્રવર્તીના સેંકડો રાજપુત્રો રમતાં રમતાં ભગવાનના સમવશરણમાં જઈને દીક્ષિત થઈ ગયા હતા. જ્યારે વરાંગકુમારે દીક્ષા લેતાં પહેલાં તીવ્ર મમત્વ ધરાવતાં માતા–પિતાને વૈરાગ્યભર્યું સંબોધન કર્યું હતું કેઃ

હે પિતાજી! હે માતાજી! જ્યારે ભવનમાં આગ લાગી જાય ત્યારે સમજદાર મનુષ્ય બહાર ભાગવાનો પ્રયત્ન કરે છે, પણ શત્રુ હોય છે તે તેને પકડીને ફરી આગમાં ફેંકે છે. તેમ, મોહની–જ્વાળાથી ભડભડતો આ સંસાર છે, તે સંસાર–દુઃખની અગ્નિ–જ્વાળાથી હું બહાર નીકળવા માંગું છું; ત્યારે આપ કોઈ શત્રુની જેમ મને ફરીને અગ્નિ–જ્વાળામાં ન ફેંકશો, ઘરમાં રહેવાનું ન કહેશો.

જેવી રીતે મોજાંઓથી ઊછળતા ભીષણ સમુદ્ર વચ્ચેથી અથાગ પ્રયત્ન પૂર્વક તરતો તરતો કોઈ પુરુષ કિનારા સુધી આવ્યો અને કોઈ શત્રુ તેને ધક્કો દઈને પાછો સમુદ્રમાં હડસેલે; તેમ હે માતા–પિતા! દુર્ગતિના દુઃખોથી ભરેલાં આ ઘોર સંસાર–સમુદ્રમાં અનાદિથી ડૂબેલો હું વૈરાગ્ય વડે અત્યારે માંડ–માંડ કિનારા પર આવ્યો છું, તો ફરીને આપ મને એ સંસાર સમુદ્રમાં ન પાડશો, ઘરમાં રહેવાનું ન કહેશો.

કોઈ મનુષ્ય શુદ્ધ, સ્વાદિષ્ટ, સ્વચ્છ અમૃત જેવા મિષ્ટાન્ન જમતો હોય ને શત્રુ તેમાં ઝેર ભેળવી દે; તેમ હું અત્યારે સંસારથી વિરક્ત થઈને, મારા અંતરમાં ધર્મરૂપી પરમ અમૃતનું ભોજન લેવા તત્પર થયો છું, તે વખતે તેમાં રાજ્યલક્ષ્મીના ભોગવટાનું વિષ ભેળવીને આપ શત્રુકાર્ય ન કરશો.

મારા અંતરમાં અત્યારે શુદ્ધોપયોગની પ્રેરણા જાગી છે ને મારું મન સર્વતઃ વિરક્ત થયું છે. માટે હે માતા! હવે મને રજા દે, રોવું હોય તો એકવાર રોઈ લે, પણ અમારો આ કોલ–કરાર છે કે હવે અમે ફરી માતા નહીં કરીએ.

આ રીતે કેટલાક જીવો મુનિ થયાં પહેલાં વૈરાગ્યનાં કારણે કુટુંબને સમજાવવાની ભાવનાથી વૈરાગ્ય–પ્રેરક સંબોધન કરે છે; ને તે વૈરાગ્યયુક્ત વચનો સાંભળીને, કુટુંબમાં કોઈ નિકટ મોક્ષગામી જીવ હોય તો તે પણ વૈરાગ્ય પામે છે.

પછી, જેમ ભયભીત કાચબો પોતાના સર્વાંગને પોતાનામાં જ સંકોચી લે છે. તેમ સંસારથી ભયભીત એવો તે વિરક્ત જીવ પોતાનો ઉપયોગ સમસ્ત ઇન્દ્રિયોથી સંકોચીને પોતાનામાં જ એકાગ્ર થવા, શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિના સાધક આચાર્યની પાસે જઈને કહે છે કે "પ્રભો! શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિથી મને અનુગૃહીત કરો". ને સંસારથી વિરક્ત, મોક્ષમાર્ગમાં વિચરવાની ઉગ્ર ભાવનાવંત તે જીવને શ્રીગુરુ દીક્ષા આપતાં આ પ્રમાણે કહે છે કે "આ તને શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિ સિદ્ધિ હો."

(તા. ૪–૧૦–૭૫ ના પ્રવચનમાંથી)

## * ભાઈ! જ્ઞાનસ્વભાવનો વિશ્વાસ કર, તને આનંદ અનુભવાશે. *

જીવ જ્ઞાનસ્વભાવી છે, તે સુખી થવા માંગે છે; વર્તમાનમાં તેને અલ્પજ્ઞતા અને દુઃખ છે તેને ટાળીને તે સર્વજ્ઞતા અને સુખ પ્રગટ કરવા માંગે છે. તો સર્વજ્ઞતા એટલે કે એક સમયમાં પરિપૂર્ણ જાણે એવું જ્ઞાન; તે સર્વજ્ઞતા પ્રગટવાની તાકાત ક્યાં છે? શરીરની ક્રિયામાં, સંયોગમાં કે નિમિત્તમાં સર્વજ્ઞતા પ્રગટવાની તાકાત નથી, રાગમાં પણ તે તાકાત નથી અને વર્તમાન અલ્પજ્ઞ પર્યાય છે તેનામાંથી પણ સર્વજ્ઞતા પ્રગટતી નથી,–આત્માના ધ્રુવ જ્ઞાનસ્વભાવમાં સર્વજ્ઞતા પ્રગટવાની તાકાત સદાય ભરી છે. તે જ્ઞાનસ્વભાવનો વિશ્વાસ કરીને તેનું અવલંબન લેતાં સર્વજ્ઞતા અને પૂર્ણ આનંદ પ્રગટ થાય છે. એટલે જેણે આનંદનો અનુભવ કરવો હોય તેણે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો.

(પ્રવચનમાંથી)

## ❀ હે દુઃખમોક્ષાભિલાષી ! તું આ માર્ગનું સેવન કર.... ❀

અહીં સુખ-ઇચ્છુક જીવોને આચાર્યદેવ કહે છે કે સુખ પ્રાપ્ત કરવાનો જે યથાનુભૂત માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા ! આ માર્ગે વિચરતાં તને સુખ પ્રગટ થશે જ-એવો પુરાવો આપનાર તેના અનુભવ પૂર્વક કહેનારા અમે આ રહ્યાં. જેમ કોર્ટમાં તે પ્રસંગને પ્રત્યક્ષ જોનાર સાક્ષી-પુરાવાને હાજર કરીને તે વાતની સત્યતા સિદ્ધ કરાવાય છે, તેમ અહીં, જે જીવને દુઃખનું ભાન થયું છે ને તેનાથી છૂટવાનો ઉદ્યમી થયો છે, તેની સમક્ષ ભગવાનની દિવ્યધ્વનિનો સાર રજૂ કરતાં, તેનો પ્રત્યક્ષ અનુભવ કરનારા અમે આ રહ્યાં-તેમ આચાર્યદેવ પોતાની સાક્ષી રજૂ કરે છે.

*****

જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકાર પૂરો કરતાં ટીકાકાર આચાર્યદેવ આ ૧૨ મો કળશ કહે છે. નિશ્ચય-આશ્રિત જીવોની વિકલ્પાત્મક ભૂમિકામાં કેવો વ્યવહાર હોય છે તેનો વિવેક આ કળશ દ્વારા કરાવ્યો છેઃ-

द्रव्यानुसारि चरणं चरणानुसारि
द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम्।
तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं
द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य।।१२।।

અર્થઃ- ચરણ દ્રવ્યાનુસાર હોય છે અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે-એ રીતે, તે બંને પરસ્પર અપેક્ષાસહિત છે; તેથી કાં તો દ્રવ્યનો આશ્રય કરીને અથવા તો ચરણનો આશ્રય કરીને મુમુક્ષુ ( જ્ઞાની, મુનિ ) મોક્ષમાર્ગમાં આરોહણ કરો.

નિશ્ચય આશ્રિત સાધક જીવોને દ્રવ્યના આશ્રયે જે શુદ્ધદશા પ્રગટી છે, તે દશાને અનુસાર રાગની મંદતાનો વિકલ્પ હોય છે; અને તેવા જીવને જેટલો વ્યવહાર ચારિત્રનો

વિકલ્પ છે તે અનુસાર તેની શુદ્ધ દશા હોય છે. એ રીતે બંને પરસ્પર અપેક્ષાસહિત છે. જુઓ, અપેક્ષાસહિત છે તેમ કહ્યું છે, પણ એકના કારણે–આશ્રયે બીજું પ્રગટે છે તેમ નથી કહ્યું. અર્થાત્ નિશ્ચયચારિત્રના કારણે વ્યવહાર હોય કે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય ચારિત્ર થાય તેમ નથી કહ્યું.

સાચા ભાવલિંગી સંત મુનિરાજને, તેના દ્રવ્યના આશ્રયે પ્રગટેલી જે શુદ્ધતા, તેના પ્રમાણમાં પંચમહાવ્રત આદિ શુભરાગનો વિકલ્પ હોય છે, પણ તેને અવ્રતાદિનો વિકલ્પ ન જ હોય; એવો જ પરસ્પર મેળ છે. પાંચમા ગુણસ્થાનવર્તી જીવને વ્રતનો વિકલ્પ તેની ભૂમિકા–અનુસાર હોય છે ને કદાચિત્ રૌદ્રધ્યાન પણ હોય છે. તથા ચોથા ગુણસ્થાનવર્તી જીવને અવ્રતાદિ હોય પણ કુદેવાદિની વ્યવહાર શ્રદ્ધા–ભક્તિ આદિ ન હોય...આમ કઈ સ્થિતિવાળાને કેવા પ્રકારનો રાગ હોય તેનો વિવેક કરાવ્યો છે. ભૂમિકાનુસાર શુદ્ધદશા ને રાગની મંદતા પરસ્પર અપેક્ષાસહિત છે.

તેથી દ્રવ્યનો આશ્રય કરીને મોક્ષમાર્ગને પ્રગટ કરો અથવા તો ચરણનું–શુભ–રાગનું જ્ઞાન કરીને ( સ્વરૂપના આશ્રયે ) મોક્ષમાર્ગમાં આરોહણ કરો. ૧૨.

આ વાત ૧૩ માં શ્લોક વડે મુનિરાજ વિશેષ સ્પષ્ટ કરે છે.

આ રીતે જ્ઞેયતત્ત્વ–પ્રજ્ઞાપન અધિકાર પૂરો કરીને અમૃતચંદ્રાચાર્ય દેવ ૧૩ મા શ્લોક દ્વારા ચરણાનુયોગસૂચકચૂલિકા શરૂ કરે છે.

द्रव्यस्य सिद्धौ चरणस्य सिद्धिः
द्रव्यस्य सिद्धिश्चरणस्य सिद्धौ।
बुद्धेति कर्माविरताः परेऽपि
द्रव्याविरुद्धं चरणं चरन्तु।।१३।।

અર્થઃ– દ્રવ્યની સિદ્ધિમાં ચરણની સિદ્ધિ છે અને ચરણની સિદ્ધિમાં દ્રવ્યની સિદ્ધિ છે–એમ જાણીને, કર્મથી ( શુભાશુભ ભાવોથી ) નહિ વિરમેલા બીજાઓ પણ દ્રવ્યથી અવિરુધ્ધ ચરણ ( ચારિત્ર ) આચરો.

જે જીવને સાધક દશામાં જેટલી શુદ્ધતા–નિર્મળતા પ્રગટી છે તેને તેના પ્રમાણમાં જ રાગની મંદતા હોય છે ને જેને જેટલી રાગની સહજ મંદતા થઈ છે તે, તેની શુદ્ધ–પરિણતિની સ્થિતિ જણાવે છે. રાગની મંદતાને લીધે તેને શુદ્ધિ પ્રગટી છે એમ વાત

નથી. પરંતુ જેને રાગની જે મંદતા વિશેષ છે તે, તેની શુદ્ધિની વિશેષતાનું જ્ઞાન કરાવે છે કે આવો રાગ આટલી શુદ્ધતાની સ્થિરતાને પહોંચેલા જીવોની ભૂમિકાવાળાને હોય છે. રાગની મંદતા વિશેષ, માટે તેના લીધે શુદ્ધિ વિશેષ તથા શુદ્ધિ વિશેષ, માટે તેના લીધે રાગની મંદતા વિશેષ એમ કહેવું નથી; એમ છે જ નહિ. માત્ર કેવી સ્થિતિમાં કેવો રાગ હોય તેમ પરસ્પર જ્ઞાન કરવા માટેની આ વાત છે.

–આમ જાણીને, જે જીવોએ નિશ્ચયનો આશ્રય લીધો છે છતાં સંપૂર્ણ શુદ્ધિ પ્રગટી ન હોવાથી શુભાશુભ ભાવોથી સર્વથા વિરમ્યા નથી તેવા હે જીવો! તમે દ્રવ્યથી અવિરુધ્ધ ચરણ આચરો; અર્થાત્ દ્રવ્યના આશ્રયે પ્રગટેલી શુદ્ધતાના પ્રમાણમાં કેવું ચરણ હોય છે તેનું તમે જ્ઞાન કરો. શુદ્ધજ્ઞાન–ઘન–આત્મા જેને દશામાં પ્રગટયો છે, જેની પ્રતીતિ તથા જ્ઞાન સ્થિરતાને પામ્યા છે તેવા મુનિઓને આચાર્યદેવ આ કળશ દ્વારા કહે છે કે દ્રવ્યથી અવિરુધ્ધ અર્થાત્ ભૂમિકાને યોગ્ય બહારમાં–વિકલ્પમાં–ચરણને (ચારિત્રને) આચરો.

હવે ગાથા શરૂ કરતાં પહેલાં ટીકાકાર–આચાર્યદેવ માંગલિકરૂપે જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપન અધિકારની ત્રણ ગાથા દ્વારા કહે છે કેઃ હે સર્વજ્ઞભગવંતો! પૂર્ણ ચારિત્રદશારૂપ મુક્તિવધૂને વરવા માટે મેં દીક્ષારૂપી સ્વયંવર મંડપ રચ્યો છે, મારી દીક્ષાના આ સ્વયંવર મંડપમાં આપની સાક્ષીથી મારા સ્વયંવર મંડપની શોભા છે; આપની સાક્ષી વડે–હાજરી વડે મારા દીક્ષા–લગ્ન પાછા નહીં ફરે; માટે આપ પધારો. હે નાથ! આપ પધારો....આમ ભાવનામાં સર્વજ્ઞભગવંતોની પધરામણી કરે છે.

[તા. ૨–૧૦–૭૫ ના પ્રવચનમાંથી]

**અહો! સમ્યગ્દર્શન તો જગતમાં અપૂર્વ અચિંત્ય–મહિમાવંત ચીજ છે; સમ્યગ્દર્શન થતાં આખું પરિણમન ફરી જાય છે. જેને સમ્યગ્દર્શન થયું તેના ચૈતન્ય–આંગણે મુક્તિના માંડવા નંખાયા, તેના આત્મામાં સિદ્ધભગવાનના સંદેશ આવી ગયા...એના અનંત ભવ રખડવાની શંકા ટળી ગઈ અને અલ્પકાળમાં મુક્તિ થવાનો નિઃસંદેહ વિશ્વાસ પ્રગટ થયો.**

# ❀ આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે, બીજું કાંઈ પણ ધ્રુવ નથી ❀

ભગવત્ કુંદકુંદાચાર્યદેવ, પ્રવચનસારની ગાથા ૧૯૨ દ્વારા “ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવા યોગ્ય છે” એમ ભવ્ય જીવોને ઉપદેશતાં કહે છે કેઃ હે જીવો ! પરદ્રવ્યથી ભિન્નપણું તથા સ્વધર્મથી અભિન્નપણું હોવાને લીધે જેને એકપણું વર્તે છે, ને એકપણાને લીધે જે શુદ્ધ છે, એવા અનાદિ–અનંત, સ્વતઃ સિદ્ધ શુદ્ધ આત્માને જ તમે પ્રાપ્ત કરો. શુદ્ધ આત્મા જ ધ્રુવ છે–એવા આત્માની પ્રાપ્તિ કરવાથી તમારી પરિણતિમાં પણ શુદ્ધતા ધારાવાહીપણે વહેવા લાગશે.

[ ભા. સુ. ૧૩ ના પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી. ]

આ પર્યુષણપર્વના દિવસોમાં ગાથા પણ બહુ ઊંચી આવી છે. આવી અલૌકિક ગાથાની ટીકા પણ કેવી અદ્‌ભુત છે! અહીં સ્વધર્મથી અભિન્ન ને પરથી ભિન્ન એવું એકપણું આત્માને કહ્યું છે; ને એક છે તે શુદ્ધ છે ને શુદ્ધ છે તે ધ્રુવ છે. સત્ અને સ્વતઃસિદ્ધ ભગવાન આત્મા પોતાના લીધે જ પોતાની મૌજુદગી ધરાવે છે–કોઈ પરદ્રવ્ય છે માટે, કે રાગાદિ વડે કે ઈશ્વર વડે એની હૈયાતી ટકે છે–એમ છે જ નહીં. સત્ ને સ્વતઃસિદ્ધ એવા આત્માની બીજા વડે હૈયાતી કેમ હોય ? અરે, પરદ્રવ્યથી તો હૈયાતી નથી, પણ ઉત્પાદ–વ્યય છે માટે હૈયાતી છે એમ પણ નથી. આવો ધ્રુવ ભગવાન આત્મા હું છું–એમ ઉત્પાદરૂપ પર્યાયમાં જ્ઞાન થયું, તે જ્ઞાનની પર્યાયથી પોતે અભિન્ન છે ને પરથી ભિન્ન છે. સ્વનું જ્ઞાન જે પર્યાય દ્વારા થયું તે પર્યાયથી સ્વતત્ત્વ અભિન્ન છે ને પરથી ભિન્ન છે, માટે આત્માને એકપણું છે. એમ ને એમ એક છું, એક છું–એમ નથી. આત્માને આવું એકપણું હોવાને લીધે તે શુદ્ધ છે, શુદ્ધ છે તેથી તે જ ધ્રુવ છે, બીજું કાંઈપણ ધ્રુવ નથી. પરદ્રવ્ય મને ધ્રુવ નથી એમ અહીં લેવું છે, કેમકે પર્યાયે તો ધ્રુવ–શુદ્ધનું

ભાન કર્યું છે.... 'ધ્રુવ છું' એવું જ્ઞાન પરથી ભિન્ન થઈ આત્મસન્મુખ થતાં થયું છે, તેથી પરવસ્તુ તે અધ્રુવ ને હું ધ્રુવ, એવા જ્ઞાનની પર્યાય સહિત એકત્વરૂપ શુદ્ધ તે ધ્રુવ છે.

* આત્મા શુદ્ધ કેમ છે ? *

આત્મા શુદ્ધ એટલે છે કે તેને પરદ્રવ્યથી વિભાગ ને સ્વધર્મથી અવિભાગ હોવાથી એકપણું છે, ને એકપણું છે માટે તે શુદ્ધ છે. દ્વિપણું હોય તો અશુદ્ધ થઈ જાય... પરદ્રવ્યથીયે અવિભાગ ને સ્વધર્મથીયે અવિભાગ–એમ દ્વિપણું હોય તો અશુદ્ધ થઈ જાય...શરીર, વાણી, કર્મ, દેવ–ગુરુ–શાસ્ત્રાદિ પર પદાર્થથી ભિન્ન તથા પરને જાણતી પર્યાય તથા ધ્રુવને જાણતી પર્યાય તેનાથી અભિન્ન હોવાથી એકપણું છે; માટે શુદ્ધ છે.

સ્વધર્મથી અવિભાગ એટલે પર પદાર્થથી ભિન્નપણાનું જ્ઞાન તથા સ્વનું જ્ઞાન – એવી જે પોતાનાથી થયેલી જ્ઞાનની સ્વ–પર પ્રકાશક પરિણતિ, તેનાથી અવિભાગ છે; તથા પર પદાર્થથી વિભાગ છે; એમ જેની પર્યાયે અનુભવ્યું છે તેવો આત્મા શુદ્ધ છે... એકલો શુદ્ધ છે–શુદ્ધ છે એમ નહીં, પણ શુદ્ધ પરિણમન સહિત હોય તે શુદ્ધ છે.

* હવે એકપણું કેમ છે ? *

( ૧ ) જ્ઞાનાત્મકપણાને લીધે, ( ૨ ) દર્શનભૂતપણાને લીધે, ( ૩ ) અતીન્દ્રિય મહા પદાર્થપણાને લીધે, ( ૪ ) અચળપણાને લીધે તથા ( ૫ ) નિરાલંબપણાને લીધે આત્માને એકપણું છે.

ભગવાન આત્માએ તો જ્ઞાનસ્વરૂપ જ પોતાનામાં ધારણ કરી રાખ્યું છે. ત્રિકાળી જ્ઞાનાત્મક તે હું એમ પર્યાયમાં ભાન થયું, તે પર્યાય સહિત જ્ઞાનાત્મકને આત્મા ધારણ કરે છે. ત્રિકાળી જ્ઞાન ધારણ કરનાર આત્મા તે હું–એમ પર્યાયમાં ભાન થયું છે, તેથી તે પર્યાય સહિતના જ્ઞાનાત્મકને આત્માએ ધારણ કર્યો છે. હું જ્ઞાનાત્મક છું એમ જાણ્યું કોણે ? એમ સ્વીકાર કર્યો કોણે ? જ્ઞાનની પર્યાયે...જ્ઞાનાત્મક ત્રિકાળ છું, એક છું, પરથી ભિન્ન છું, એકત્વના કારણે શુદ્ધ છું ને શુદ્ધના કારણે ધ્રુવ છું;–એમ જે જ્ઞાનની પર્યાયે સ્વીકાર કર્યો છે તે પર્યાય સહિત અભિન્ન છું; એમ ને એમ ધ્રુવ છું, ધ્રુવ છું–એમ નહીં; પણ પર્યાયમાં આવો સ્વીકાર આવ્યો તેને ધ્રુવ છે....

અહો ! બહુ સરસ ગાથા છે. પર્યાયમાં સ્વીકાર આવ્યા વિના શુદ્ધ છું–શુદ્ધ છું, ધ્રુવ છું, ધ્રુવ છું.–એમ નથી...ધ્રુવને જાણ્યું કોણે ? ધ્રુવે ?...સ્વીકાર કર્યો કોણે ? ધ્રુવે ?...ના... ધ્રુવ છું એવો સ્વીકાર કરનાર તો પર્યાય જ છે...અહીં તો પરથી ભિન્ન ને સ્વ–

ધર્મથી અભિન્નની વાત લેવી છે ને! તેથી પર્યાય સહિતની અહીં વાત છે...પણ એનો અર્થ એ નથી કે ધ્યેય-લક્ષ પણ પર્યાય સહિતના ધ્રુવનું હોય. ધ્યેય (આશ્રય) તો ત્રિકાળી ધ્રુવનું જ હોય, પણ તેનો સ્વીકાર કરનાર પર્યાય છે...એમ જેની પર્યાયે ત્રિકાળી ધ્રુવને ધ્યેય બનાવીને તેનો સ્વીકાર કર્યો છે, તેવી પર્યાય સહિત અભિન્ન છું ને પરથી ભિન્ન છું...તેની આ વાત છે.

હવે એકપણું હોવા માટે આગળ જે પાંચ બોલ કહ્યા તેનું સ્પષ્ટીકરણ આચાર્યદેવ કરે છે કે: (૧-૨) ત્રિકાળ જ્ઞાન છું એમ જ્ઞાનને ધારણ કરી રાખે છે તથા દર્શનભૂત-ત્રિકાળ દર્શન ધારણ કરી રાખનાર એવો આત્મા તે હું છું એમ પર્યાયમાં ભાન થયું, તે પર્યાયથી અવિભાગ ને જ્ઞાનદર્શનથી રહિત તથા સહિત એવા બધા પર પદાર્થોથી વિભાગ હોવાને લીધે એકપણું છે. (૩) પોતપોતાના નિયત વિષયને અર્થાત્ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-રૂપ ગુણો તથા શબ્દરૂપ પર્યાયને ગ્રહણ કરનારી અનેક ઇન્દ્રિયો, તેને અતિક્રમીને-છોડીને ઉલ્લંઘીને, સમસ્ત સ્પર્શ-રસ-ગંધ-વર્ણ રૂપ ગુણો તથા શબ્દરૂપ પર્યાયને જાણવાવાળો અતીન્દ્રિય મહાપદાર્થ આત્મા હોવાથી તેને ઇન્દ્રિયાત્મક પરદ્રવ્યથી વિભાગ છે તથા સ્પર્શાદિના જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે. તેથી આત્માને એકપણું છે. (૪) ક્ષણે-ક્ષણે નાશ પામતા જણાવાયોગ્ય-જ્ઞેયપર્યાયોને ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી આત્મા અચળ છે; તેથી જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી વિભાગ છે અને તે જ્ઞેયપર્યાયો જેનું નિમિત્ત છે એવા જ્ઞાનસ્વરૂપ સ્વ-ધર્મથી અવિભાગ છે, માટે એકપણું છે. (૫) શાશ્વત જ્ઞેય પરદ્રવ્યોના આલંબનનો આત્માને અભાવ હોવાથી નિરાલંબન છે તેથી આત્માને જ્ઞેય પરદ્રવ્યોથી વિભાગ છે, ને તે જ્ઞેય પરદ્રવ્યો જેના નિમિત્ત છે એવા જ્ઞાનસ્વરૂપ સ્વધર્મોથી અવિભાગ છે, માટે એકપણું છે.

અહા! એકપણું દર્શાવવા આચાર્યદેવે પાંચ બોલ લીધા, તેમાં બધા પડખેથી પરથી ભિન્નત્વ ને સ્વથી અભિન્નત્વ આવી ગયું.

જયસેન આચાર્યે અહીં ધ્રુવનો અર્થ, ટંકોત્કીર્ણ જ્ઞાયકસ્વભાવ તે ધ્રુવ, એમ કર્યો છે. મૂળ તો ધ્રુવ ત્રિકાળી બતાવવું છે...પર તરફનું લક્ષ છોડીને ત્રિકાળ શુદ્ધ દ્રવ્યની સેવા-ઉપાસના-લક્ષ કરવાથી પર્યાયમાં શુદ્ધતા પ્રગટી ત્યારે 'હું આ શુદ્ધાત્મા છું' એવું ભાન આવ્યું...પરથી ભિન્નત્વ ને પોતાની પર્યાયથી અભિન્નત્વને કારણે આત્માને એકપણું છે, એકત્વના કારણે શુદ્ધ છે ને શુદ્ધના કારણે ધ્રુવ છે. મૂળ તો ધ્રુવ ત્રિકાળી બતાવવું છે, પણ ધ્રુવનું ભાન થયા વિના ધ્રુવ ક્યાંથી આવ્યું? ધ્રુવનો અનુભવ જેની પર્યાયમાં ન આવ્યો તેને ધ્રુવ ક્યાંથી આવ્યું?...ધ્રુવની અસ્તિ તો જગતમાં છે જ, પણ પર્યાયમાં

અસ્તિના સ્વીકાર વિના ધ્રુવની અસ્તિ ક્યાં આવી? સમયસારની છઠ્ઠી ગાથામાં પણ કહ્યું છે કે પરદ્રવ્ય ને પરભાવનું લક્ષ છોડીને ત્રિકાળી દ્રવ્ય ઉપર લક્ષ ગયું ત્યારે શુદ્ધ પરિણમન થયું–તેને આ શુદ્ધ છે. જેને પરિણમનમાં ન આવ્યો તેને શુદ્ધ–ધ્રુવ–ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ ક્યાંથી આવ્યો?...જેને પર્યાયમાં આવો જ્ઞાયકભાવ બેઠો તેને આ આત્મા એક જ ધ્રુવ છે ને અન્ય સમસ્ત અધ્રુવ છે એવું ભાન થયું છે.

આમાં પુનરુક્તિ દોષ ન લાગુ પડે; કારણકે અનાદિના ઊંધા સંસ્કાર પોષ્યા છે... એટલે એકની એક વાત વારંવાર અનેક પડખેથી સમજાવવા આચાર્યદેવે કરુણા કરી છે. જુઓને! પરથી ભિન્ન ને સ્વથી અભિન્ન સમજાવવા પાંચ–પાંચ બોલથી કેટલું સ્પષ્ટીકરણ કર્યું છે.

પોતાનું જ્ઞાન થયું ત્યાં પર સંબંધી જ્ઞાન પણ તેમાં આવી ગયું; આવી સ્વ–પર પ્રકાશક જ્ઞાનની જે પર્યાય થઈ તેનાથી આત્મા અભિન્ન છે ને તે પરદ્રવ્યથી આત્મા ભિન્ન છે. વિકલ્પ ઉઠયો, તેનું જ્ઞાન થયું; ત્યાં વિકલ્પના લીધે જ્ઞાન થયું નથી, જ્ઞાન તો પોતાના જાણવાના સ્વભાવને લીધે થયું છે. તે જ્ઞાનથી આત્મા અભિન્ન છે ને વિકલ્પથી ભિન્ન છે. સાક્ષાત્ ભગવાન ને તેમની દિવ્યધ્વનિનો ઉપદેશ એ તો ઇન્દ્રિયોનો વિષય, તેનાથી અતીન્દ્રિય મહાપદાર્થનું જ્ઞાન થતું નથી, પણ પોતાના અતીન્દ્રિય જ્ઞાનસામર્થ્ય વડે તેનું જ્ઞાન થાય છે; તેવી જ્ઞાનપર્યાયથી આત્મા અવિભાગ છે ને ઇન્દ્રિયના વિષયથી વિભાગ છે.

આવું એકપણું આત્માને હોવાથી તે શુદ્ધ છે ને શુદ્ધ હોવાથી આત્મા ધ્રુવ છે, માટે હે ભવ્ય જીવો! આવો શુદ્ધાત્મા તમે ઉપલબ્ધ કરો–એમ આ ગાથામાં આચાર્યદેવે સમજાવ્યું છે.

## ❀ મુક્ત થવાનો ઉપાય ❀

હું મુક્ત છું, જ્ઞાયક છું, શુદ્ધ છું, એવી પ્રતીતિ વિના મુક્ત થવાનું વીર્ય સ્ફુરે નહિ અને મુક્તિ થાય નહિ. કરોડો રૂપિયા આપવાથી પણ આ વાત મળે તેમ નથી.

અનંતા જ્ઞાનીઓ કહે છે કે "તું પ્રભુ છો. પ્રભુ! તારા પ્રભુત્વની એકવાર હા તો પાડ!"

# ❀ આત્મપ્રાપ્તિનો ઉપાય ❀

હે જિજ્ઞાસુ જીવ! આત્મપ્રાપ્તિની તારી તીવ્ર જિજ્ઞાસા દેખીને, "આત્મા કેમ પ્રાપ્ત થઈ શકે"–તે વાત ૨૭૫ ગાથા દ્વારા સમજાવી હોવા છતાં, ફરીને અમે તને એ વાત પરિશિષ્ટ દ્વારા સમજાવીએ છીએ.

આ પ્રવચનસાર શાસ્ત્રની ભગવત્ કુંદકુંદાચાર્યરચિત ૨૭૫ ગાથાની ટીકા પૂર્ણ કરીને ટીકાકાર અમૃતચંદ્રાચાર્યદેવ, 'આત્મા કોણ છે અર્થાત્ કેવો છે ને શી રીતે પ્રાપ્ત થાય?'–એવા જિજ્ઞાસુ દ્વારા રુચિપૂર્વક પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં ફરીને પરિશિષ્ટ દ્વારા સમજાવી રહ્યા છે.

અહો! શિષ્ય પણ કેવો છે?–કે જેને આત્માની જ રુચિ છે, આત્માને જ પામવાની જેને ઝંખના છે; તેને આચાર્યદેવ ફરીને સમજાવે છે. પણ જેને આત્માની દરકાર નથી તેવા જીવને માટે આચાર્યદેવનો આ ઉપદેશ નથી.

એકનો એક પુત્ર હોય, સંસારમાં એક માત્ર તેનો સહારો હોય ને તે પુત્ર કોઈ મેળામાં ખોવાઈ જાય ત્યારે તેને શોધવા માટે કેવી શોધખોળ કરવા લાગે છે? તેમ આ શિષ્યને આત્માની અસ્તિ–હૈયાતીની શ્રદ્ધા આવી છે પરંતુ તે પ્રાપ્ત થઈ શક્યો નથી તેથી ઊંડી જિજ્ઞાસા પૂર્વક ગુરુ પાસે જઈને વિનયપૂર્વક પૂછે છે કે હે પ્રભો! આપે આત્માનું જે સ્વરૂપ સમજાવ્યું તેનાથી 'આત્મા છે' એમ મને વિશ્વાસ તો આવ્યો છે, પરંતુ તેને પ્રાપ્ત કેમ કરવો? આપ કૃપા કરીને મને સમજાવો કે આત્મા પ્રાપ્ત કઈ રીતે થઈ શકે?

શિષ્યની તીવ્ર ઝંખના જોઈને, ગુરુ તેને કહે છે કે હે વત્સ! અહીં ૨૭૫ ગાથા દ્વારા તને આત્મ–પ્રાપ્તિનો માર્ગ જ ઉપદેશ્યો છે. તેમ છતાં તારી જિજ્ઞાસા સંતોષવા ફરીને વિશેષ સ્પષ્ટીકરણ આ પરિશિષ્ટ દ્વારા કરીશું.

અહો! કેવા કરુણાસાગર, કલ્યાણકારી ગુરુ, ને કેવો જિજ્ઞાસુ શિષ્ય!

આત્મા કેવો છે?–કે ખરેખર ચૈતન્યસામાન્યથી વ્યાપ્ત અનંત ધર્મોવાળું એક દ્રવ્ય છે.

આત્મા કઈ રીતે જણાય છે?–તો કહ્યું કે આત્માના અનંતધર્મોને જાણનારા જે અનંત નયો, તેમાં વ્યાપ્ત શ્રુતજ્ઞાનપ્રમાણ વડે સ્વાનુભવથી આત્મદ્રવ્ય જણાય છે.

આ ભગવાન આત્મા અનંત ધર્મોનો અધિષ્ઠાતા એટલે કે સ્વામી છે. ધર્મો અનંત છે પણ તેને ધારણ કરનાર દ્રવ્ય એક છે. આવા અનંત ધર્મોને જાણનાર અનંત નયો છે ને તેમાં શ્રુતજ્ઞાનપ્રમાણ વ્યાપ્યું છે. તેથી અનંત નયોવાળા શ્રુતજ્ઞાનપ્રમાણથી અનંતધર્મોવાળો આખો આત્મા જણાઈ જાય છે, સ્વસન્મુખ વળતાં આખો આત્મા સ્વાનુભવમાં આવી જાય છે.

આચાર્યદેવે પ્રથમ, આત્મા કેવો છે?–કે અનંત ધર્મોવાળું એક દ્રવ્ય છે, એમ ટૂંકમાં કહ્યું. પછી કઈ રીતે જણાય તેની વિધિનું ટૂંકમાં વર્ણન કહ્યું. ત્યાર બાદ નયનિરૂપણ દ્વારા તે અનંત ધર્મોમાંથી ૪૭ ધર્મોનું વર્ણન કરીને ધર્મી–આત્મદ્રવ્ય–કેવો છે ને તે કઈ રીતે પ્રાપ્ત થાય છે, તે વાત વિસ્તારથી સમજાવશે.

અહીં અનંત ધર્માત્મક પોતાનો આત્મા તે પ્રમેય છે, ને અનંત નયાત્મક શ્રુતજ્ઞાન તે પ્રમાણ છે; એવા પ્રમાણ વડે સ્વાનુભવથી પોતાનો આત્મા પ્રમેય થાય છે – જણાય છે. પર નિમિત્તથી કે રાગના વિકલ્પથી આવો આત્મા પ્રમેય થતો નથી; પણ સાધકને સ્વસન્મુખ વળતાં શ્રુતજ્ઞાનથી જ આવો આત્મા પ્રમેય થાય છે.

કોઈ પણ નયથી એક ધર્મને મુખ્ય કરીને જોનારની દ્રષ્ટિ પણ એકલા ધર્મ ઉપર હોતી નથી. ધર્મ તો ધર્મી એવી અખંડ વસ્તુના આધારે રહેલો છે; માટે તેના ઉપર જ દ્રષ્ટિ રાખીને એકેક ધર્મનું સાચું જ્ઞાન થાય છે.

અહીં પરિશિષ્ટમાં જ્ઞાનપ્રધાન કથન છે. તેથી આત્મા અનંત ધર્મોમાં વ્યાપ્ત છે એમ કહ્યું. અનંત ધર્મોને ધારણ કરનાર અધિષ્ઠાતા આત્મા છે; માટે શુદ્ધભાવનો પણ આધાર–સ્વામી આત્મા છે ને વિકારીભાવનો પણ સ્વામી આત્મા છે; અભેદનો પણ આધાર આત્મા છે ને ભેદનો પણ આધાર આત્મા છે; સામાન્યનો આધાર પણ આત્મા છે ને વિશેષનો પણ આધાર આત્મા છે; નિર્વિકલ્પનો પણ અધિષ્ઠાતા આત્મા છે ને વિકલ્પનો પણ અધિષ્ઠાતા આત્મા છે;–તેમ કહેવામાં આવ્યું છે.

દ્રવ્યદ્રષ્ટિમાં તો એકલો ત્રિકાળી સામાન્યભૂતાર્થસ્વભાવ જ આશ્રયરૂપ છે, તેમાં તો શુદ્ધપર્યાય પણ ભિન્ન પડી જાય છે ને તે વ્યવહારનયના વિષયમાં જાય છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો આશ્રય કર્યો તે દ્રવ્ય 'સ્વ' છે. આશ્રય તો એક સ્વનો–સામાન્ય ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો જ હોય છે. સ્વભાવનો આશ્રય કરનારી પર્યાય તે પણ દ્રવ્યદ્રષ્ટિના વિષયમાં પર છે–ભિન્ન છે.

# ❀ વ્યવહારપ્રતિક્રમણની સાર્થકતા ❀

વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું–સાર્થકતા ક્યારે કહેવાય?–તે વાત આચાર્યદેવ નિયમસાર શાસ્ત્રની આ ૯૪ મી ગાથા દ્વારા સ્પષ્ટ કરે છે.

પ્રતિક્રમણનામક સૂત્રમાં જ્યમ વર્ણવ્યું પ્રતિક્રમણને
ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૯૪.

વ્યવહારપ્રતિક્રમણની જે વાત શાસ્ત્રમાં આવે છે તેનો વિકલ્પ હોય છે ખરો, પરંતુ તે વિકલ્પથી હઠીને, શુદ્ધ ચૈતન્યઆનંદઘનમાં દ્રષ્ટિની સ્થિરતા વડે અતીન્દ્રિય આનંદમાં મશગૂલ થવું તે નિશ્ચયપ્રતિક્રમણ છે, અને વ્યવહારપ્રતિક્રમણની પણ સાર્થકતા ત્યારે જ છે. વ્યવહાર–પ્રતિક્રમણમાં અટકી જવું તે તેની સાર્થકતા નથી, પણ તેનાથી હઠીને સ્વરૂપની સ્થિરતામાં રમણ કરવું તે વ્યવહાર–પ્રતિક્રમણની સાર્થકતા છે.

નિમિત્તથી, રાગથી તથા પર્યાયથી હઠીને, સ્વરૂપમાં રમણતા સાધવી તે નિશ્ચય–પ્રતિક્રમણ છે, ને આવા નિશ્ચયપ્રતિક્રમણ સહિત જો વ્યવહારપ્રતિક્રમણ હોય તો તે પ્રતિક્રમણને વ્યવહારપ્રતિક્રમણ કહેવાય. નિશ્ચયપ્રતિક્રમણ વિના વ્યવહારપ્રતિક્રમણ કેમ હોય?

હે આત્મા! જો તારે સાચું પ્રતિક્રમણ કરવું હોય તો સંતોએ રચેલાં દ્રવ્યશ્રુતને સાંભળ. સાંભળવાનો વિકલ્પ હોય, પણ સાંભળવાનું ફળ શું? કે તે છે એમ જાણીને વિકલ્પથી હઠી, અંદરમાં વીતરાગી ચારિત્રમૂર્તિવંત શુદ્ધાત્મામાં ઠરવું તે તેનું ફળ છે. દ્રવ્ય–શ્રુતની રચના કરનારા આચાર્યદેવનું આ ફરમાન છે કે હે મુનિ! વ્યવહાર–પ્રતિક્રમણનું જ્ઞાન કરીને, અંદર ઠરવાની–નિશ્ચયચારિત્રની ભાવના કરવી.

પાપના ત્યાગ માટે વ્યવહાર પ્રતિક્રમણનો વિકલ્પ હોય છે, પણ તેને જાણીને, તેનાથી નિવર્તીને–પાછો હઠીને–ખસીને–અંદર સ્વરૂપમાં સ્થિર થવું તે વ્યવહારપ્રતિક્રમણની સાર્થકતા છે.

જ્ઞાનમાં આમ નક્કી તો કર! વસ્તુનું સ્વરૂપ આવું છે એમ જ્ઞાનમાં નિર્ણયને અવકાશ તો દે, ભાઈ! અરે, એને મરીને ક્યાં જવું છે! દરેક યોનિમાં અનંતા ભવો ગાળ્યા; હવે તો પરથી લક્ષ ફેરવીને આત્મામાં ડૂબકી માર! તું તારા ઘરમાં જાને! એ

બધા શુભ–વિકલ્પો હોય, પણ એ તારા ઘરની ચીજ નથી. ભગવાન ! તું તો દેહની પીડા ને રાગની પીડા–બંનેથી ભિન્ન છો, તે દેહના રોગનો તને જે અણગમો લાગે છે તે તો દ્વેષ છે–એ એકેય ચીજ તારા ઘરમાં નથી.

જિન–વીતરાગી નીતિ શું છે ? લૌકિક નીતિ તો પુણ્યબંધનું કારણ છે, લોકોત્તર નીતિ કોને કહેવાય ? આત્મા આનંદમૂર્તિ, વીતરાગી સ્વરૂપ છે; એની દૃષ્ટિ કરીને, વિકલ્પથી શૂન્ય થઈ ને, નિર્વિકલ્પથી પુષ્ટ થઈ સ્વરૂપમાં રમણતા કરવી તે જિનનીતિ છે.

બાહ્યપ્રપંચથી વિમુખ જિન–નીતિને અણઉલ્લંઘતા થકા વીતરાગી ચારિત્રમૂર્તિ કે જેનું ચિત્ત સમસ્ત ચારિત્રનું નિકેતન–ધામ છે, એવા મહામુનિ દ્રવ્યશ્રુતમાં વર્ણવેલા વ્યવહાર–પ્રતિક્રમણને જાણીને, સકળ સંયમની–નિશ્ચય પ્રતિક્રમણની ભાવના કરે છે.

અહીં, વ્યવહાર પ્રતિક્રમણને જાણીને, તેનાથી ખસીને સ્વરૂપમાં આરૂઢ થવાની વાત છે. ત્યારે કોઈ એમ કુતર્ક કરે કે "પ્રતિક્રમણથી હઠવાની વાત છે ને ! માટે અપ્રતિક્રમણ હો તો ભલે હો ! " તેને અમૃતચંદ્રાચાર્યદેવ આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૯ મા શ્લોક દ્વારા કરુણાભર્યા શબ્દોમાં કહે છે કે " ( અરે ! ભાઈ ) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય ? તો પછી માણસો નીચે નીચે પડતાં થકા પ્રમાદી કાં થાય છે ! નિષ્પ્રમાદી થયા થકા ઊંચે ઊંચે કાં ચડતા નથી ? "

## મારું જીવન

હું–આત્મા શરીર વગર, રાગ વગર જીવી શકું છું. તો જેના વગર હું જીવી શકું છું તેનો મોહ શો ? તેમાં મમત્વ શેનું ?

જ્ઞાન વડે જીવું છું. જ્ઞાન મારું જીવન છે,–એના વગર હું ક્ષણમાત્ર જીવી ન શકું. માટે જ્ઞાનમાં જ મારું મમત્વ છે, જ્ઞાન જ હું છું.

# ❀ ધનાદિના તીવ્ર-મમત્વપરિણામી જીવોને સંતોની ચેતવણી ❀

દિનપ્રતિદિન બનતા દેહવિલયના ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યા શબ્દોમાં પૂ. ગુરુદેવશ્રી કહે છે કે હે ભાઈ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે તે સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ, ગમે તો વિલાયતનો ડોકટર લાવ, પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહ–વિલયની આવી નિયત સ્થિતિને જાણીને, તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ૮૪ ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી ક્યાં જઈશ તેની તને ખબર છે? ત્યાં કોણ તારો ભાવ પૂછનાર હશે?–તો અહીં, ‘લોકો આમ કહેશે ને સમાજ તેમ કહેશે’–એવી મોહની ભ્રમજાળમાં ગૂંચવાઈને તારા આત્માને શા માટે ગૂંગળાવી રહ્યો છે? ઈષ્ટોપદેશમાં સુંદર દૃષ્ટાંત દ્વારા કહ્યું છે કેઃ

મૃગ આદિ અનેક પ્રાણીઓથી ભરેલા વનમાં આગ લાગતાં, તેનાથી બચવા માટે કોઈ માણસ વનની મધ્યમાં આવેલા વૃક્ષ ઉપર ચઢીને બેસે છે, અને અગ્નિજ્વાળાઓથી ભસ્મીભૂત બનતાં પ્રાણીઓને નીહાળે છે. તે વખતે એમ ધારે છે કે, ‘હું તો વૃક્ષ ઉપર સહિસલામત છું, અગ્નિ મને નુકશાન કરશે નહીં; પરંતુ તે અજ્ઞાનીને ખબર નથી કે અગ્નિ થોડી વારમાં વૃક્ષને અને તેને પણ ભરખી જશે. એ પ્રમાણે મૂઢ જીવ, ધનાદિકની આસક્તિના કારણ બીજાઓ ઉપર આવતી આપત્તિઓને દેખવા છતાં, પોતાને સહિસલામત માને છે અને કદી વિચાર પણ કરતો નથી કે તેવી વિપત્તિઓ મોડી–વહેલી તેના ઉપર પણ આવી પડશે અને કાલાગ્નિ તેને પણ ભરખી જશે.

અરેરે! અજ્ઞાનદશાને લઈને જીવો ચાર ગતિમાં ભમતા થકા આત્માને દુઃખરૂપી ઘાણીમાં પીલી રહ્યા છે. પૂર્વના પુણ્યને લઈને મનુષ્યગતિ ને સાધનસામગ્રી મળે,

પરંતુ પૈસા કમાવાના લોહવાટમાં ને તેનું રક્ષણ કરવાની તીવ્ર મમતા આડે ભવ વેડફી નાખે છે. પૈસાના અહંકાર આડે ધર્મ શી ચીજ છે તે સાંભળવાની દરકાર નથી કરતો; એવા જીવના અભાગ્યનો મહિમા કોણ કરી શકે? ધન–ઉપાર્જન અને મમતામાં ભવ આખો વેડફી નાખતા તે જીવોને વિચાર પણ નથી કે મારે એક દિ' મરવાનું છે ને મરીને હું કઈ ગતિમાં જઈશ!

મમતાની તીવ્રતાવાળા તે જીવોને સ્વર્ગમાં જાય એવા શુભ ભાવનો અવકાશ હોતો નથી; મરીને મનુષ્ય થાય તેવા કોમળ પરિણામ પણ હોતા નથી. તેને જો માંસ–મચ્છી–મદિરાદિ અભક્ષ્ય–ભક્ષણ વગેરેના તીવ્ર અશુભ પરિણામ ન હોય તો તે મરીને નરકે જતો નથી. તેથી માયા–મમતાના પરિણામવાળા આવા જીવો તો મરીને તિર્યંચયોનિમાં ઊપજે છે. તિર્યંચગતિ બહુ મોટી છે. ૮૪ લાખ જન્મસ્થાનમાંથી ૬૨ લાખ જન્મસ્થાનો તિર્યંચગતિનાં છે. અહીં 'શેઠસાહેબ' 'શેઠસાહેબ' થતાં હોય–કહેવાતા હોય ને મરીને બીજી ક્ષણે મમતામય પરિણામને લીધે ગધેડી ને કૂતરીના પેટે જન્મ ધારણ કરે...અરેરે! આવા અનંતા ભવો ગાળ્યા છતાં આ જીવ ચેત્યો નહીં. હવે આ અવસર આવ્યો છે તો હે ભાઈ! પરની ચિંતા છોડીને તારું પોતાનું કલ્યાણ કેમ થાય તેનો તું વિચાર કર...તું તારું સુધાર...તારા હિત માટે તું અંતર્મુખ સ્વભાવમાં જો;...ને તારા પૂર્ણ સ્વરૂપને લક્ષમાં લે. ભાઈ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. બહારમાં તો ભલે ગમે તેમ થાય પણ તું તારા આત્મતત્ત્વને સમજ. તે સમજવાથી જ તારું કલ્યાણ થશે ને ભવથી નિવેડો આવશે.

ભવસમુદ્રમાં ભટકતા જીવોને ધર્માત્મા–સંત કહે છે કે હે જીવ! તારા પોતાના હિત માટેની આ વાત છે. તારા આત્માને ઉગારવાની આ વાત છે. મરતાં તને કોઈ શરણ થશે નહીં, એક તારો આત્મા જ તને શરણદાતા છે; માટે તેને સમજવાનો પ્રયત્ન કર.;

જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે.

☯☯☯☯☯☯☯☯☯☯☯☯☯☯☯

☯☯☯☯☯☯☯☯☯☯☯

# ❀ જ્ઞા ન ગો ષ્ઠી ❀

## –: ધ્યાન અને ધ્યેય સંબંધી વચનામૃતઃ–

* પ્રમાણ પૂજ્ય કે નિશ્ચયનય ?

પ્રમાણ પૂજ્ય નથી કારણ કે તે, વ્યવહારનયના વિષયનો નિષેધ કરતું નથી પણ સાથે ભેળવે છે; તેથી પ્રયોજનભૂત નિર્વિકલ્પતાની સિદ્ધિ થતી નથી.

નિશ્ચયનય એક જ પૂજ્ય છે, કારણ કે તે વ્યવહારનયના વિષયના નિષેધપૂર્વક એકલા ત્રિકાળી ચૈતન્યસામાન્યરૂપદ્રવ્યસ્વભાવનો આશ્રય કરાવે છે; ને તેથી પ્રયોજનભૂત નિર્વિકલ્પતાની સિદ્ધિ થાય છે.

કોઈ જગ્યાએ પ્રમાણને પૂજ્ય કહ્યું હોય; ત્યાં તો પ્રમાણ બંને નયના વિષયને જાણતું હોવાથી જાણવાની અપેક્ષાએ પૂજ્ય કહ્યું છે. પરંતુ આશ્રયની અપેક્ષાએ તો નિશ્ચયનય એક જ પૂજ્ય છે.

* ત્રિકાળી દ્રવ્યસામાન્ય તે નિશ્ચયનયનો વિષય છે ને તેના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટે છે તે પર્યાયનયનો વિષય છે. તે બંનેને ભેગા લેવા તે પ્રમાણનો વિષય છે, તેના બદલે જો કોઈ તેને નિશ્ચયનયનો વિષય માને તો તે વિપરીતતા છે, નિશ્ચયનયના વિષયમાં શુદ્ધ પર્યાય વિનાનું ત્રિકાળી ધ્રુવતત્ત્વ એકલું આવે છે.

* કોઈ કહે કે ‘અમે દ્રવ્ય ને પર્યાય એક છે એમ નથી માનતા, પરંતુ આશ્રયનો વિષય શુદ્ધપર્યાય સહિત અભેદ દ્રવ્ય છે એમ માનીએ છીએ’–તો તે મૂઢદ્રષ્ટિ છે, વિપરીત દ્રષ્ટિ છે; ખરેખર તો અનાદિથી જે દ્રષ્ટિ છે તેવી ને તેવી પર્યાયદ્રષ્ટિ જ તેને છે. જો આશ્રયનો વિષય પર્યાય સહિતનું દ્રવ્ય હોય તો આશ્રય કરશે કોણ ?–પર્યાયને તો તે આશ્રયનો વિષય માને છે, તો પછી આશ્રય કરનાર કોણ ? આશ્રય કરનાર અને આશ્રયનો વિષય જુદા છે.

* દ્રવ્યમાં પર્યાય અભેદ થઈ એમ કોઈ જગ્યાએ આવે છે, તો તેનો અર્થ શું ?

–ત્યાં પર્યાય દ્રવ્યની સન્મુખ વળી છે તે બતાવવું છે. તેથી પર્યાય દ્રવ્યમાં અભેદ

થઈ તેમ કહ્યું છે. અનાદિથી પર્યાય વિમુખ હતી તે હવે દ્રવ્યસન્મુખ થઈ તે બતાવવા તેમ કહ્યું છે. પર્યાય દ્રવ્યમાં ભળીને દ્રવ્યરૂપે થઈ જતી નથી.

* મોક્ષમાર્ગની ક્ષાયોપશમિકભાવરૂપ શુદ્ધ પર્યાય પરમપારિણામિકભાવનું ધ્યાન કરે છે. જો તે પર્યાયને પારિણામિકભાવમાં અભેદ કરીને તેને ધ્યાનનો વિષય માનવામાં આવે તો પારિણામિકભાવ તથા ક્ષાયોપશમિકભાવ–એમ બે ભાવ જુદા છે તે જુદા રહેતા નથી. એ રીતે દ્રષ્ટિ ને દ્રષ્ટિનો વિષય–એમ બે સિદ્ધ થતા ન હોવાથી તે માન્યતા વિપરીત છે.

* 'શુદ્ધ પર્યાય સહિતનું દ્રવ્ય આશ્રય કરવા લાયક છે' એમ જો કોઈ માને તો તે તદ્દન વિપરીતતા છે; કારણ કે પર્યાય વિનાના એકલા દ્રવ્યસામાન્યનો જ આશ્રય કરવાથી શુદ્ધ પર્યાય ઉત્નન્ન થાય છે. એ રીતે દ્રવ્યસામાન્યનો આશ્રય કરવાનું પ્રયોજન સિદ્ધ થાય છે. પરંતુ પર્યાય સહિતના દ્રવ્યના આશ્રયનું પ્રયોજન શું ?–પર્યાયમાંથી પર્યાય આવતી નથી, તેથી પર્યાય સહિતના દ્રવ્યનો આશ્રય કરવાથી શુદ્ધ પર્યાય ઉત્પન્ન શી રીતે થાય ?–આમ પ્રયોજન સિદ્ધ થતું ન હોવાથી તે નિષ્ફળ છે.

* શ્રી નિયમસારમાં ગાથા ૯૧ ની ટીકામાં કહ્યું છે કેઃ ત્રિકાળ–નિરાવરણ, નિત્ય આનંદ જેનું એક લક્ષણ છે એવો નિરંજન નિજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા તે આત્મા છે; તેના સ્વરૂપનાં શ્રદ્ધાન–જ્ઞાન–આચરણનું રૂપ તે ખરેખર નિશ્ચયરત્નત્રય છે."

આશય એમ છે કે–આવો જે ત્રિકાળી પરમપારિણામિકભાવ સ્વરૂપ કારણપરમાત્મા તે જ દ્રષ્ટિનો વિષય છે અને તેનો જ આશ્રય કરવાથી નિશ્ચયરત્નત્રય પ્રગટે છે.

* શ્રી નિયમસાર ગાથા ૩૮ ની ટીકામાં મુનિરાજ કહે છે કેઃ "અનાદિ–અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ–સહજ–પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે – એવો કારણ પરમાત્મા તે ખરેખર 'આત્મા' છે. અતિ–આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય કોઈ ઉપાદેય નથી."

અર્થાત્–શુદ્ધ પર્યાય સહિતનો આત્મા તે ખરેખર નિશ્ચયનયનો 'આત્મા' નથી, તે કારણપરમાત્મા નથી; તેથી તે, આસન્ન ભવ્યજીવોને ઉપાદેય નથી.

* તે જ ગાથા પૂરી કરતાં ટીકાકાર મુનિરાજે શ્લોક ૫૪ માં પણ કારણપરમાત્મા કેવો છે તે સમજાવતાં કહ્યું છે કેઃ

"સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે..." તેવો કારણપરમાત્મા ઉપાદેય છે. અર્થાત્–સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર એવો કારણપરમાત્મા તે ધ્યાનનો વિષય છે. શુદ્ધ પર્યાય પણ પ્રતિક્ષણ નાશવાન ભાવ હોવાથી તેનાથી કારણપરમાત્મા દૂર છે.

* શ્રી નિયમસારમાં ૧૪ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં મુનિરાજ ૨૪ મા શ્લોક દ્વારા કહે છે કેઃ

“પરભાવ હોવા છતાં, સહજ ગુણમણિની ખાણરૂપ અને પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદ્રષ્ટિ પુરુષ ભજે છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ બને છે.”

જુઓ, આ કળશમાં ત્રણ વાત કહીઃ

(૧) શુદ્ધદ્રષ્ટિ પુરુષ કોને કહેવો?–કે સહજ ગુણમણિની ખાણરૂપ અને પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને ભજે તેને શુદ્ધદ્રષ્ટિ પુરુષ કહેવાય.

(૨) શુદ્ધ આત્મા કેવો હોય?–કે સહજ ગુણમણિની ખાણરૂપ અને પૂર્ણજ્ઞાનવાળો આત્મા તે શુદ્ધ આત્મા છે. જુઓ, શુદ્ધ પર્યાય સહિતનો શુદ્ધ આત્મા એમ કહ્યું જ નથી; સહજ ગુણોની ખાણરૂપ ને પૂર્ણ જ્ઞાનસ્વભાવવાળો જ શુદ્ધ આત્મા કહ્યો છે.

(૩) આવા શુદ્ધ આત્માને ભજવાથી મુક્તિરૂપી સુંદરીનો વલ્લભ થવાય છે. બીજી કોઈ રીતે–આત્માને અન્યથા કલ્પીને–ભજશે કે શુદ્ધ પર્યાય સહિતના આત્માને ભજશે તે મુક્તિને વરશે નહીં એમ તેમાં આવી ગયું.

* શ્રી નિયમસાર કલશ ૨૬માં પણ વધુ સ્પષ્ટ કરતાં મુનિરાજ કહે છે કે–

“જીવતત્ત્વ...કવચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે અને કવચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે. આ બધાથી સહિત હોવા છતાં પણ જે એ બધાથી રહિત છે એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે સદા નમું છું, ભાવું છું.”

અહા! ટૂંકા શબ્દોમાં કેવી ગંભીર વાત સરલતાપૂર્વક આચાર્યદેવે સમજાવી છે. ‘શુદ્ધ પરિણતિ કેમ પ્રગટ થાય?’ જિજ્ઞાસુ જીવના એવા પ્રશ્નનું નિરાકરણ કરવા મુનિરાજ કહે છે કે શુદ્ધ–અશુદ્ધ પર્યાયથી રહિત એવું જે ત્રિકાળી જીવતત્ત્વ, તેને ભાવવાથી–ધ્યાવવાથી સકલ અર્થની સિદ્ધિ થાય છે.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીયે કેટલું, કર વિચાર તો પામ.

અહીં શ્રીમદ્ રાજચંદ્રે પણ એમ કહ્યું છે કે ત્રિકાળી શુદ્ધ, જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યઘન, સુખનું ધામ એવો ધ્રુવ આત્મા છે; તેનો વિચાર કરવાથી એટલે કે એવા આત્મસ્વભાવની દ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે.

જૈન–શાસનના હાર્દ સમી સમયસારની આ ૧૧ મી ગાથામાં આચાર્યદેવનું એમ કહેવું છે કે ત્રિકાળી ધ્રુવસ્વભાવ એક જ ભૂતાર્થ છે. સમસ્ત શુદ્ધ–અશુદ્ધ પર્યાયને વ્યવહાર અર્થાત્ અભૂતાર્થ, અસત્યાર્થ કહીને, આશ્રયભૂત ત્રિકાળી દ્રવ્યસ્વભાવથી તેને ભિન્ન બતાવી છે. અને એવા ભૂતાર્થસ્વરૂપ ત્રિકાળી ધ્રુવસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે, એમ દ્રઢપણે સ્થાપન કર્યું છે.

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે.

અહીં કુંદકુંદાચાર્યદેવ કહે છે કે 'જે જ્ઞાયકભાવ છે તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી,' અર્થાત્ દ્રષ્ટિનો વિષય જે એક જ્ઞાયકભાવ, તે અપ્રમત્ત કે પ્રમત્ત એવી સમસ્ત પર્યાયોથી ભિન્ન બતાવ્યો છે.

* શ્રી સમયસારની ગાથા ૩૨૦ ની ટીકા કરતાં જયસેનાચાર્યદેવ કહે છે કે "ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ–અખંડ–એક–પ્રત્યક્ષપ્રતિભાસમય –અવિનશ્વર–શુદ્ધ–પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું,' પરંતુ એમ નથી ભાવતો કે 'ખંડજ્ઞાનરૂપ હું છું," અર્થાત્ ધ્યાતા પુરુષ ખંડરૂપ પર્યાય રહિત અખંડ સામાન્ય દ્રવ્યસ્વભાવને ધ્યાવે છે.

* પ્રવચનસાર ગાથા ૧૮૧ ની ટીકામાં ( પૃષ્ઠ ૩૪૧ ) શ્રી જયસેનાચાર્યદેવ કહે છે કેઃ

××× अत्र योऽसौ रागादिविकल्पोपाधिरहितसमाधिलक्षणशुद्धोपयोगी मुक्तिकारणं भणितः स तु शुद्धात्मद्रव्यलक्षणाद्धयेयभूताच्छुद्धपारिणामिक-भावादभेदप्रधानद्रव्यार्थिकनयेनाभिन्नोऽपि भेदप्रधानपर्यायार्थिकनयेन भिन्नः। कस्मादित चेत्। अयमेकदेशनिरावरणत्वेन क्षायोपशमिकखण्डज्ञानव्यक्तिरूपः, स च पारिणामिकः सकलावरणरहितत्वेनाखण्डज्ञानव्यक्तिरूप; अयं तु सादिसान्तत्त्वेन विनश्वरः, स च अनाद्यनन्तत्त्वेनाविनश्वरः। यदि पुनरेकान्तेनाभेदो भवति तर्हिं घटोत्पत्तौ मृत्पिण्डविनाशवत् ध्यानपर्यायविनाशे मोक्षे जाते सति ध्येयरूपपारिणामिकस्यापि विनाशी भवतीत्यर्थः। तत एव ज्ञायते शुद्धपारिणामिकभावो ध्येयरूपो भवति, ध्यानभावनारूपो न भवति। कस्मात्। ध्यानस्य विनश्वरत्वादिति।

"××× અહીં જે આ રાગાદિવિકલ્પરૂપ ઉપાધિરહિત સમાધિલક્ષણ શુદ્ધોપયોગ મુક્તિનું કારણ કહ્યો છે તે, શુદ્ધાત્મદ્રવ્યસ્વરૂપ અને ધ્યેયભૂત એવા શુદ્ધ પારિણામિકભાવથી અભેદ–

પ્રધાન દ્રવ્યાર્થિકનયે અભિન્ન હોવા છતાં, ભેદપ્રધાન પર્યાયાર્થિકનયે ભિન્ન છે. શા કારણથી ભિન્ન છે? આ (શુદ્ધોપયોગ) એકદેશનિરાવરણપણાને લીધે ક્ષાયોપશમિક એવા ખંડજ્ઞાનની વ્યક્તિરૂપ છે, અને તે (શુદ્ધ) પારિણામિક (ભાવ) સકલ–આવરણ–રહિતપણાને લીધે અખંડજ્ઞાનની વ્યક્તિરૂપ છે; તથા આ (શુદ્ધોપયોગ) સાદિસાન્તપણાને લીધે વિનશ્વર છે, અને તે (શુદ્ધ પારિણામિકભાવ) અનાદિ–અનંતપણાને લીધે અવિનશ્વર છે.

વળી, જો એકાન્તે અભેદ હોય તો, જેમ ઘટની ઉત્પત્તિ થતાં મૃત્તિકાપિંડનો નાશ થાય છે તેમ, મોક્ષ ઉત્પન્ન થતાં ધ્યાનપર્યાયનો વિનાશ થવાથી ધ્યેયરૂપ પારિણામિક (ભાવ) નો પણ વિનાશ થાય.–એવો તેનો અર્થ છે. આથી (આ કથનથી) જ જણાય છે કે શુદ્ધ પારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનભાવનારૂપ નથી. શા કારણથી? ધ્યાન વિનશ્વર હોવાથી.”

* અત્રે ‘ध्येयभूताच्छुद्धपारिणामिकभावात् ધ્યેયભૂત એવા શુદ્ધ પારિણામિકભાવથી’ આ કથન દ્વારા શુદ્ધ પારિણામિકભાવને જ ધ્યાનના ધ્યેયભૂત કહ્યો છે.

* શુદ્ધ પારિણામિકભાવ અને તેના આશ્રયે પ્રગટતી શુદ્ધ પર્યાય બંને એક જ આત્મદ્રવ્યનાં છે એમ જ્ઞાનપ્રધાનતાથી જણાવવું હોય ત્યારે તે શુદ્ધ પર્યાયને અભેદપ્રધાન દ્રવ્યાર્થિકનયે શુદ્ધાત્મદ્રવ્યસ્વરૂપ પારિણામિકભાવથી અભિન્ન કહી શકાય. પરંતુ આ કથનથી, શુદ્ધનયના વિષયરૂપ–ધ્યાનના ધ્યેયભૂત–શુદ્ધાત્મદ્રવ્યસામાન્યમાં શુદ્ધ પર્યાય વિષયપણે–ધ્યેયપણે સાથે છે એમ ન સમજવું. પ્રકૃતમાં ધ્યાનનું ધ્યેય, શુદ્ધ પર્યાયથી પણ રહિત ત્રિકાળ ભૂતાર્થ એવું શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય જ છે.

* જો શુદ્ધનયના વિષયભૂત પારિણામિકભાવસ્વરૂપ નિજ શુદ્ધાત્મદ્રવ્ય–સામાન્યમાં વર્તમાન શુદ્ધ પર્યાય વિષયપણે અભિન્ન હોય તો ધ્યાન અર્થાત્ શુદ્ધ પર્યાય વિનશ્વર હોવાથી તદ્–અભિન્ન ધ્યેયરૂપ પારિણામિકભાવના–શુદ્ધાત્મદ્રવ્યસામાન્યના–વિનાશનો પ્રસંગ આવે; પણ આચાર્યદેવના ઉપરોક્ત કથનથી, ધ્યાનના ધ્યેયભૂત શુદ્ધાત્મદ્રવ્યરૂપ પારિણામિકભાવમાં વર્તમાન શુદ્ધ પર્યાય ધ્યેયપણે–વિષયપણે આવતી નથી–એ હકીકત સ્પષ્ટપણે સિદ્ધ થાય છે.

* પંચાધ્યાયીના દ્રવ્યસામાન્ય–અધિકારની ગાથા ૬૫૯, ૬૬૦ તથા ૬૬૧ માં પણ કહ્યું છે કેઃ

“એ કથન દ્વારા પોતાની બુદ્ધિના અપરાધથી જે કોઈ એક નિશ્ચયનયને પણ અનેક છે એ પ્રકારથી માને છે તે ખંડિત થઈ ગયા.

શુદ્ધદ્રવ્યાર્થિક એ પ્રકારનો એક શુદ્ધનિશ્ચય નામનો નય છે, તથા જે અશુદ્ધદ્રવ્યાર્થિક એ પ્રકારના નામવાળો છે તે બીજો અશુદ્ધ નિશ્ચય નામનો નય છે, ઇત્યાદિક નિશ્ચયનયના ઘણા ભેદ જેના મતમાં છે તે નિશ્ચયથી મિથ્યાદ્રષ્ટિ હોવાથી નિયમથી સર્વજ્ઞની આજ્ઞા ઉલ્લંઘન કરવાવાળો છે...૬૬૦, ૬૬૧.

ધ્યાનના ધ્યેયરૂપ–દ્રષ્ટિના વિષયભૂત–નિજશુદ્ધાત્મદ્રવ્યસામાન્યનો વિષય કરનાર નિશ્ચયનય એક જ પ્રકારનો છે, છતાં જેઓ તેના અનેક ભેદ માને છે તેઓને અહીં આ શ્લોકમાં મિથ્યાદ્રષ્ટિ અને સર્વજ્ઞની આજ્ઞાના ઉલ્લંઘન કરનારા કહ્યા છે.

* શ્રી નિયમસાર શાસ્ત્રમાં કળશ ૧૧૯ તથા ૧૨૦ માં કહ્યું છે કેઃ

“પ્રગટપણે સદાશિવમય એવા પરમાત્મતત્ત્વને વિષે ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. ‘તે છે (અર્થાત્ ધ્યાનાવલી આત્મામાં છે)’ એમ (માત્ર) વ્યવહાર માર્ગે સતત કહ્યું છે. હે જિનેન્દ્ર! આવું તે તત્ત્વ, અહો! મહા ઇન્દ્રજાળ છે.” શ્લોક ૧૧૯.

“સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પ સમૂહોથી સર્વતઃ મુક્ત (–સર્વ તરફથી રહિત) છે. (આમ) સર્વનયસમૂહ સંબંધી આ પ્રપંચ પરમાત્મતત્ત્વમાં નથી તો પછી તે ધ્યાનાવલી આમાં કઈ રીતે ઉપજી (અર્થાત્ ધ્યાનાવલી આ પરમાત્મતત્ત્વમાં કેમ હોઈ શકે) તે કહો.” શ્લોક ૧૨૦.

અહીં આ શ્લોકોમાં ધ્યાનના વિષયભૂત એવું, શુદ્ધાત્મદ્રવ્યસામાન્યરૂપ નિજ ધ્રુવ પરમાત્મતત્ત્વ શુદ્ધ પર્યાયથી પણ રહિત છે એમ મુનિરાજે કહ્યું છે.

* શ્રી નિયમસાર ગાથા ૫૦ માં કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે કે સહજ પરમપારિણામિક ભાવલક્ષણ કારણસમયસાર સ્વદ્રવ્ય હોવાથી તે એક જ ઉપાદેય છે અને ક્ષાયિક આદિ ચારેય ભાવો પરસ્વભાવ છે, માટે પરદ્રવ્ય છે, તેથી હેય છે; એમ કહીને શુદ્ધ પર્યાયથી રહિત શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્યને જ ધ્યાનનો વિષય કહ્યો છે.

શરીર અને આત્મા બંનેને એક માનવાવાળા મોહી જીવો ખરેખર આ ગુણસ્થાન વગેરે ભાવોને ‘જીવ’ કહે છે, પરંતુ ભેદવિજ્ઞાનમાં નિપુણ વિવેકી જન નહીં.–વિવેકી જન તેને પુદ્ગલરૂપ ‘અજીવ’ કહે છે.

યોગસાર અધિ. ૨, પદ્ય ૩૮.

[ ટાઈટલ પૃષ્ઠ ૨ થી ચાલુ ]

મનુષ્યદશા તથા રાજપાટનો ત્યાગ એમ બધું હોવા છતાં સમ્યગ્દર્શન પામી ન શક્યા અને તિર્યંચગતિ, હિંસાના પરિણામ ને મનુષ્યની ભાષા સમજવી પણ મુશ્કેલ–તેવી સ્થિતિમાં આત્મા ને રાગની ભિન્નતાનું ભાન કરી શક્યા. અનંતશક્તિનું ધારક આત્મતત્ત્વ સદૈવ મૌજૂદ છે. પુરુષાર્થસ્વભાવી જ આત્મા છે. એનો સ્વીકાર આવ્યો કે આત્મા પ્રત્યક્ષ થઈ ગયો. અહો જીવના પુરુષાર્થની પણ બલિહારી છે.

અહા! મુનિરાજે કઈ ભાષામાં ઉપદેશ આપ્યો હશે?–ને સિંહ એ ભાષા કેવી રીતે સમજી શક્યો હશે? આકાશમાંથી બે મુનિરાજ સિંહને ઉપદેશ આપવા નીચે ઊતરી રહ્યા છે અને સિંહ તે દ્રશ્ય જોઈને આશ્ચર્ય પામે છે કે અરે! મારાથી તો બધા દૂર ભાગે, ને આ બે માનવ મારી સામે નિર્ભયતાથી આવી રહ્યા છે; આ તે શું? એમ વિસ્મયતામાં છે ત્યાં તો મુનિરાજ આવીને કહે છે કે ‘રે સિંહ! દશમા ભવે તું ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર થવાનો છે, આ ક્રૂર હિંસાના પરિણામ તને કેમ શોભે? આ સિંહ –તિર્યંચગતિ તે તું નથી, એ તારામાં નથી. તું અતીન્દ્રિય આનંદનો નાથ ત્રિકાળ મુક્તસ્વભાવી જ્ઞાયક આત્મા છો. તું સિંહ નથી પણ જ્ઞાનાનંદમય ચૈતન્યપ્રભુ છો, ટગટગ નયને ઉત્સુકતાથી સાંભળી રહેલા સિંહની આત્મવૃત્તિ જાગી ઉઠી ને આંખોમાંથી પશ્ચાત્તાપના ચોધાર આંસુ વહેવા લાગ્યા. ક્ષણ પહેલાંનો ક્રૂર જીવ આશ્ચર્યકારી સરળભાવે વિચારમાં પડી ગયો કે હું પરમેશ્વર છું!–ને એવા ઉલ્લસિત વીર્યથી અંદરમાં ઊંડો ઊતરી ગયો કે અંતર્મુખ થતાં જ જેવું મુનિરાજે કહ્યું હતું તેવું જ પોતાનું સ્વરૂપ અનુભવમાં આવ્યું...અહા! ઘડીક પહેલાંનો માંસાહારી જીવ ધર્માત્મા–જ્ઞાની બની ગયો! એ જ વીતરાગ જૈનધર્મની–વસ્તુસ્વભાવની–મહાનતા છે કે ક્ષણ પહેલાંનો પાપી ક્ષણ પછી આત્મદર્શી બની જાય છે, કારણ કે તેનામાં તેનું પરમેશ્વરતત્ત્વ મૌજૂદ છે ને? ભાઈ! એકવાર ગુંલાટ મારીને આવા પરમેશ્વરતત્ત્વનો મહિમા તો લાવ. તને પરમેશ્વરતા પ્રગટપણે અનુભવાશે.

આજે ભગવાન મહાવીર મોક્ષ પધાર્યા તેનો દિવસ છે ને અહીં પ્રવચનસારની ૨૭૨ મી ગાથામાં પણ જે સાધુ સંપૂર્ણ શ્રામણ્યવાળો થયો થકો શીઘ્ર મુક્તિ પામનાર છે તે ‘મોક્ષતત્ત્વ’ ની વાત આવી છે.

અયથાચરણહીન, સૂત્ર–અર્થસુનિશ્ચયી ઉપશાંત જે,
તે પૂર્ણ સાધુ અફળ આ સંસારમાં ચિર નહિ રહે.

સાધુ કેવા હોય ?–કે ત્રણલોકની કલગી સમાન, રાગથી વિભક્ત અને સ્વભાવથી એકત્વસ્વરૂપ આત્મતત્ત્વપ્રકાશક એવી નિર્મળ વિવેકરૂપી દીવી જેને પ્રગટી છે તે સાધુ છે. વળી તેઓ સ્વરૂપમંથર છે એટલે કે સ્વરૂપના આનંદમાં તૃપ્ત–તૃપ્ત હોવાને લીધે તેમાંથી નીકળીને બહાર આવવાના આળસુ છે. પોતાના પુરુષાર્થથી અકષાય–સ્વભાવમાં વર્તતા થકા સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે તેઓ વિચરે છે. નિત્ય સ્વભાવના ઉગ્ર આશ્રયવડે જેમણે પહેલાંનાં સકળ કર્મોનાં ફળને નષ્ટ કર્યો છે ને નવાં કર્મને જેઓ નિપજાવતાં નથી તેમને સંપૂર્ણ શ્રામણ્ય હોવાને લીધે આવા સાક્ષાત્ શ્રમણને સાધુને 'મોક્ષતત્ત્વ' જાણવું.

આવા શ્રમણને 'મોક્ષતત્ત્વ' કેમ કહ્યું ?–કે સ્વભાવની દ્રષ્ટિ પૂર્વક ઉગ્ર પુરુષાર્થ વડે પૂર્વ કર્મના ફળને નષ્ટ કર્યો હોવાથી અને નૂતન કર્મો નિપજાવતાં નહિ હોવાથી, ફરીને પ્રાણ ધારણ કરવા રૂપ દીનતાનો તેમને અભાવ વર્તે છે. શરીર ધારણ કરવું એ તો દીનતા છે–ભીખારીપણું છું. રાજા થઈને ઉકરડામાંથી કાચના ટુકડા વીણે તો ? તેમ અનંતશક્તિના નાથને શરીર ધારણ કરવું એ દીનતા છે. આવું દીનપણું જેને રહ્યું નથી અર્થાત્ ફરીને શરીર ધારણ કરવારૂપી કલંકને જેમણે ધોઈ નાંખ્યું છે એવા તે શ્રમણને વિભાવભાવરૂપ પરાવર્તનનો અભાવ વર્તતો હોવાથી, એકલા શુદ્ધસ્વભાવમાં જ સ્થિર થયા હોવાથી, તેવા શ્રમણને 'મોક્ષતત્ત્વ' જાણવું.

## * સત્ ના હકારની સફળતા *

હકારનું ફળ સિદ્ધ, નકારનું ફળ નિગોદ. આ જે કહેવાય છે તે ત્રિકાળ પરમ સત્ય છે, ત્રણકાળ ત્રણલોકમાં સત્ જોઈતું હોય તો જગતને આ માન્યે જ છૂટકો છે. સત્ ફરે તેમ નથી, સત્ સમજવા માટે તારે ફરવું પડશે.

સિદ્ધ થવા માટે સિદ્ધસ્વરૂપનો હકાર લાવો.

**હે ભાઈ! તું શાશ્વત મહા આનંદાનંદ જગપ્રસિદ્ધ પરમાત્મતત્ત્વ છે; એવા સ્વ-તત્ત્વમાં ફરીફરીને બુદ્ધિપૂર્વક જોડાણ કર, તને આનંદ પ્રગટશે.**

અહો! આ નિયમસારની એક-એક ગાથા પરમ ગંભીર છે. ટીકાકાર મુનિરાજને તેનાં રહસ્ય ખોલવામાં શબ્દો ઓછા પડે છે, એટલે ૧૮૭ ગાથાની ટીકા કરતાં ૩૧૧ કળશની પોતે રચના કરી છે. ટીકાના પ્રારંભમાં મુનિરાજ શ્લોક દ્વારા કહે છે કે જે મૂળ ગણધરો વડે રચાયેલ છે અને જે શ્રુતધરોની પરંપરાથી વ્યક્ત કરાયેલ છે એવા આ પરમાગમનો સાર, પરમપારિણામિકભાવ, તેની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થવાથી અમે નિજ આત્માની શુદ્ધિને અર્થે નિયમસારની ટીકા રચીશું.

[ તા. ૨૧-૧૦-૭૫ ના પ્રવચનમાંથી ]

જેને દુઃખનો નાશ કરવો છે તેણે પ્રથમ શું કરવું?-કે પર તરફના વિકલ્પો છોડી, રાગનો પ્રેમ તોડી, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વ-તરફ જોડાણ કરવું. પૂર્ણ જ્ઞાનાનંદ ભગવાનઆત્મામાં ફરી ફરીને મતિ-શ્રુતને જોડવાં. તેથી ભ્રાંતિનો નાશ થશે, ભ્રાંતિગત અજ્ઞાનદશાનો નાશ થશે, મિથ્યાત્વ નાશ થશે, કે જે દુઃખનું મૂળ છે.

આ માર્ગ અશક્ય નથી, પણ ઘણો દુર્લભ છે. તત્ત્વજ્ઞાન-તરંગિણીમાં કહ્યું છે કેઃ

'દુર્લભ આ જગમધ્ય અતિશય ચિદ્રૂપમાં રુચિ લાવે જે,
તેથી અતિ દુર્લભ સત્ શાસ્ત્રો, ચિદ્રૂપ સ્પષ્ટ બતાવે જે,
દુર્લભ તેથી પણ ગુરુ જ્ઞાની, ચિદ્રૂપ નિશદિન બોધે જે,
સૌથી ચિંતામણિ સમ દુર્લભ ભેદજ્ઞાન ઉર શોધે તે.

આ વાત અનંતવાર સાંભળી, ચામડાં ઊતરડીને ખાર છાંટે તોપણ ક્ષમા રાખે તેવી ક્રિયાઓ પણ અનંત વાર કરી; પરંતુ શુદ્ધાત્માની રુચિ ક્યારે પણ કરી નથી. જો એકવાર પણ શુદ્ધાત્માની સાચી પ્રીતિ કરે તો અવશ્ય નિર્વાણને પામે છે. પદ્મનંદીઆચાર્યદેવ કહે છે કેઃ

तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रूता।
निश्चितं स भवेद् भव्यो भाविनिर्वाणभाजनम्।।

સહજ–પરમાનંદયુક્ત ચેતનમાં રુચિપૂર્વક મતિને જે જોડે છે તે જીવને ઘોર સંસારનું પરિભ્રમણ મટી જાય છે.

સહજપરમાનંદયુક્ત ચેતનમાં જેઓ લીન રહે છે, એકાગ્ર રહે છે એવા તે શ્રમણો શુદ્ધચારિત્રની મૂર્તિ છે. જેમ મૂર્તિ પોતાના સ્થાનમાં અવિચલ છે તેમ શ્રમણો આત્મસ્વભાવમાં અવિચલપણે એકાગ્ર હોવાથી શુદ્ધચારિત્રની મૂર્તિ છે. તેથી શ્રમણને સતત પ્રત્યાખ્યાન વર્તે છે. પરંતુ જેમનું સ્થાન પરસમયમાં છે અર્થાત્ જિનેન્દ્રના મતથી પર, વસ્તુસ્વભાવની અન્યથા પ્રરૂપણા કરનાર મતમાં જેમનું સ્થાન છે એવા યોગી–નામધારીઓને પ્રત્યાખ્યાન હોતું નથી. એવા તે નામધારી યોગીઓને, ઘર–બાર, ગૃહ–સંસારનો ત્યાગ હોવા છતાં પણ, ઘોર સંસારમાં ફરી ફરીને પરિભ્રમણ કરવું પડે છે.

હવે ૧૪૬ મા કળશ દ્વારા મુનિરાજ વસ્તુસ્વભાવનું વર્ણન કરતાં કહે છે કે હે ભાઈ ! તું કોણ છો ? પામર દશાવાળો, દુઃખને ભોગવી રહ્યો છે, તે તું કેમ હોઈ શકે ? તું તો જગપ્રસિદ્ધ મહા આનંદાનંદનો ભંડાર એવું શાશ્વત તત્ત્વ છો. સચ્ચિદાનંદમૂર્તિ તે તું પોતે છો. અરેરે ! તને આવો વિશ્વાસ કેમ નથી આવતો ?

તારી પાસે તું છો ને તેની પાસે–જડ પાસે–તે છે; આ કોયડો ઉકેલવા જેવો છે. જ્યાં તું છો ત્યાં તું આવ્યો નથી ને જે તું છો નહીં એવા પુણ્યમાં તું રચ્યો–પચ્યો રહ્યો છો; પણ તે તારું સ્થાન નથી, તારું ઘર નથી. તારા નિજઘરને છોડીને પરઘરની મીઠાશમાં ક્યાં ફસાયો ? એમ તને 'ઘા' લાગવો જોઈએ કે અરે ! મારા સ્વરૂપની દ્રષ્ટિ ને તેની ભાવના છોડીને પરની દ્રષ્ટિ ને ભાવનામાં હું ક્યાં ભરમાયો ?

અરેરે ! આવો ભગવાન આત્મા પોતે મૌજૂદ હોવા છતાં, જીવો પંચેન્દ્રિયના વિષયોની ઇચ્છા વડે ક્લેશપીડિત થઈ તેને કેમ ઇચ્છતા હશે ? અતીન્દ્રિય આનંદના નાથનું સેવન છોડીને જે વિષયોને વાંછે છે તેઓ જડબુદ્ધિ છે.

આચાર્યદેવ કરુણાપૂર્વક કહે છે કે હે ભવ્યશાર્દૂલ ! તું શીઘ્ર તારી મતિમાં આ સ્વતત્ત્વને ધારણ કર–કે જે પરમતત્ત્વ સહજ સુખનું દેનારું છે. કેવું છે પરમ સ્વતત્ત્વ ? –કે જે પાપરૂપી ઘોર અટવીને બાળવા અગ્નિસમાન છે. એવા શુદ્ધ ચૈતન્યતત્ત્વને શીઘ્રાતિ–શીઘ્ર–મુદત માર્યા વિના–તારી મતિમાં ધારણ કર; તારાં બધાં દુઃખો શમી જશે ને આનંદ–આનંદ અનુભવાશે.

[ નિયમસાર કળશ ૧૪૫, ૧૪૬, ૧૪૭ ના પ્રવચનમાંથી ]

# ધર્માત્મા સહજજ્ઞાનકળા પરિગોચર સહજતત્ત્વના પ્રેમી છે.

આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે; તેનું ચિંતવન અર્થાત્ એકાગ્રતા તે નિરંતર પ્રાયશ્ચિત છે. શુદ્ધસ્વભાવની એકાગ્રતા તે પ્રાયશ્ચિત છે ને આવું પ્રાયશ્ચિત સંસારનો નાશ કરે છે. ધર્માત્માને આવું પ્રાયશ્ચિત વર્તે છે કારણ કે તેઓ ત્રિકાળી અતીન્દ્રિય આનંદસ્વભાવના પ્રેમી છે. ધર્માત્મા નિજસુખસ્વભાવમાં રતિવાળા હોવાથી તેમને પરમાં ક્યાંય સુખ ભાસતું નથી, મીઠાશ વેદાતી નથી.

અહો ! આચાર્યના એક–એક શબ્દ તો જુઓ ! ધર્માત્મા કેવા હોય ?–કે જેઓ નિજ સહજ સુખમાં રતિવાળા છે; અર્થાત્ પરમાં ક્યાંય સુખબુદ્ધિ રહી નથી. ભલે ઇન્દ્રના ઇન્દ્રાસન હો કે ચક્રવર્તીની સંપદા હો, પરંતુ નિજસુખસ્વરૂપમાં રતિવાળા ધર્માત્માને જગતના ઐશ્વર્યમાં મીઠાશ લાગતી નથી.

ચક્રવર્તીકી સંપદા, ઇન્દ્ર સરીખે ભોગ,
કાગ–વીઠ સમ જાનત હૈં, સમ્યગ્દ્રષ્ટિ લોગ.

એક સાધારણ પુણ્યના ફળની તુચ્છ સામગ્રીમાં અજ્ઞાનીને હર્ષ ને મીઠાશ વેદાય છે. અહીં તો કહે છે કે નિજસુખમાં રતિવાળા ધર્માત્માને ઉત્કૃષ્ટ પુણ્યની સામગ્રી પણ કાગ–વિષ્ટા સમાન ભાસે છે.

જો કે બધાં ઉત્કૃષ્ટ પુણ્યની સામગ્રી એકીસાથે કોઈને હોતી જ નથી, પરંતુ એકીસાથે હોય તોપણ જ્ઞાની ધર્માત્માની દૃષ્ટિમાં તે બિલાડીના સડેલા દુર્ગંધમય શરીર સમાન તુચ્છ ભાસે છે; તેને ક્યાંય મીઠાશ લાગતી જ નથી. તેમને તો એક આત્મામાં જ પ્રેમ જાગ્યો છે.

જેને શુભની રુચિ છે તેને વિષયની જ રુચિ છે, કારણ કે શુભની રુચિવાળાને તેના ફળમાં પુણ્યની સામગ્રી આવશે ત્યારે તેમાં જ તે રત બનશે, એટલે ખરેખર તો શુભરાગનો પ્રેમી તે વિષયનો જ પ્રેમી છે, પછી ભલેને વર્તમાનમાં રાજ–પાટ આદિ છોડીને દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય. ધર્માત્માને તો પુણ્યને તેની સામગ્રી કાળાનાગ જેવી લાગે છે, તેથી તેનાથી છૂટવા તે અંતર્મુખનો જ પ્રયત્ન કરે છે. અસ્થિરતાને લઈને ધર્માત્માને શુભ વિકલ્પ આવે પણ તેને તેની રુચિ હોતી નથી. રાગનું રુચિપૂર્વક સેવન તે આત્મસ્વરૂપથી વિરુધ્ધ આચરણ હોવાથી વ્યભિચાર છે. અજ્ઞાનીને રાગનું રુચિપૂર્વક સેવન હોય છે; ધર્માત્માને તો સ્વભાવની જ રુચિ હોય છે.

અહીં નિયમસારમાં ( કળશ ૧૮૦ માં ) શ્રી પદ્મપ્રભુ મુનિરાજ કહે છે કે મુનિઓને સ્વાત્માનું ચિંતન તે નિરંતર પ્રાયશ્ચિત છે. ખરેખર તો વસ્તુનો–આત્માનો–જ્ઞાનસ્વભાવ જ પ્રાયશ્ચિત છે, કારણ કે પ્રાયઃ અર્થાત્ ઉત્કૃષ્ટ ને ચિત્ત અર્થાત્ બોધ–જ્ઞાન. આત્મા ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપી વસ્તુ હોવાથી, વસ્તુસ્વભાવ જ પ્રાયશ્ચિત્ત છે. આવા ત્રિકાળી પ્રાયશ્ચિત્તસ્વરૂપી ભગવાન આત્માનો આશ્રય કરતાં પર્યાયમાં પ્રાયશ્ચિત્ત પ્રગટે છે.

વસ્તુનું સ્વરૂપ જ એવું મહાન છે કે જે કોઈ શુદ્ધ પર્યાય પ્રગટે છે તે, તે–તે ત્રિકાળ ગુણસ્વરૂપી દ્રવ્યના આશ્રયે જ ઉત્પન્ન થાય છે.

વસ્તુ ત્રિકાળ પ્રાયશ્ચિત્તસ્વરૂપ જ છે તેથી તેના આશ્રયે નિશ્ચયપ્રાયશ્ચિત્ત પ્રગટે છે. વસ્તુ ત્રિકાળ સમતાસ્વરૂપ જ છે તેથી તેના આશ્રયે નિશ્ચયસમતા પ્રગટે છે. વસ્તુ ત્રિકાળ ક્ષમાસ્વરૂપ જ છે તેથી તેના આશ્રયે પર્યાયમાં નિશ્ચય ક્ષમા પ્રગટે છે. વસ્તુ ત્રિકાળ કેવળદર્શનઉપયોગસ્વરૂપ જ છે તેથી તેના આશ્રયે કેવળદર્શનઉપયોગ પ્રગટે છે. વસ્તુ ત્રિકાળ આનંદસ્વરૂપ જ છે તેથી તેના આશ્રયે પર્યાયમાં આનંદ પ્રગટે છે. સમ્યગ્દર્શન જે પ્રગટે છે તે ત્રિકાળ સમ્યગ્દર્શનસ્વરૂપી વસ્તુ છે તેના આશ્રયે જ પ્રગટે છે; જે વીતરાગતા પ્રગટે છે તે ત્રિકાળ વીતરાગસ્વરૂપ વસ્તુ છે તેના આશ્રયે જ પ્રગટે છે. અહો ! વસ્તુસ્વભાવ જ કોઈ અચિંત્ય મહિમાવંત છે.

અહીં તો કહે છે કે મુનિઓને, ત્રિકાળ પ્રાયશ્ચિત્તસ્વરૂપ વસ્તુની એકાગ્રતા હોવાથી, નિરંતર પ્રાયશ્ચિત્ત છે. તે પ્રાયશ્ચિત્ત વડે પાપને ખંખેરીને તેઓ મુક્તિને પામે છે. જેમ ચકલાં ને કાબર ધૂળમાં આળોટીને પછી પાંખ ફફડાવી ધૂળ ખંખેરી નાંખે છે, તેમ નિજ સુખમાં રતિવાળા ધર્માત્માઓ નિશ્ચયપ્રાયશ્ચિત વડે પાપને ખંખેરીને મુક્તિ પામે છે.

પરંતુ જો, કોઈ મુનિઓને આત્મ–ચિંતવન સિવાય અન્ય કોઈ ચિંતા હોય તો તે વિમૂઢ કામાર્ત પાપી છેઃ અર્થાત્ જેને ત્રિકાળ સુખસ્વરૂપ વસ્તુના પ્રેમને બદલે શુભરાગનો પ્રેમ વર્તે છે તે મિથ્યાત્વના પાપને ઉત્પન્ન કરે છે.

*****

કુતર્ક જ્ઞાનને રોકનાર, શાંતિનો નાશક, શ્રદ્ધાનો ભંગ કરનાર અને અભિમાનને વધારનાર માનસિક રોગ છે, કે જે અનેક પ્રકારે ધ્યાનનો શત્રુ છે. તેથી મોક્ષાભિલાષી જીવોએ કુતર્કમાં પોતાની બુદ્ધિ જોડવી યોગ્ય નથી, પરંતુ તેને આત્મતત્ત્વમાં જોડવી ઉચિત છે, કે જે સ્વાત્મોપલબ્ધિરૂપ સિદ્ધિ–સદનમાં પ્રવેશ કરાવનારી છે.

–યોગસાર અધિ. ૭. પદ્ય ૫૩.

# ❀ શુદ્ધોપયોગના બળથી નિજકારણપરમાત્મતત્ત્વની સંભાવના કરતા મહાતપોધનને નિયમથી શુદ્ધનિશ્ચયનિયમ હોય છે. ❀

કોને નિયમથી શુદ્ધનિશ્ચયનિયમ હોય છે તે વાત, ભગવત્કુંદકુંદાચાર્યે શ્રી નિયમસારની ગાથા ૧૨૦ દ્વારા કહી છે. [ તા. ૧૬–૧૧–૭૫ના પ્રવચનમાંથી ]

છોડી શુભાશુભ વચનને, રાગાદિભાવ નિવારીને,
જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે. ૧૨૦.

મહાતપોધન–મુનિ કેવા હોય?–કે જેણે દ્રવ્યસ્વભાવના આશ્રયે મહાતપરૂપી લક્ષ્મી પર્યાયમાં પ્રગટાવી છે; જેણે સ્વરૂપના ઉગ્ર અવલંબનરૂપી દબાણ વડે, આનંદના નાથ આત્માને દબાવીને, પર્યાયમાં અતીન્દ્રિય આનંદના ફુવારા પ્રગટાવ્યા છે તે મહાતપોધન મુનિ છે. આવા મુનિ સૂક્ષ્મકર્મોને પણ મૂળથી ઉખેડી નાખવા સમર્થ એવા નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં સદા લીન રહે છે.

શુભાશુભભાવરૂપ પ્રશસ્ત–અપ્રશસ્ત વચનરચના, નિમિત્તની અપેક્ષાએ, ભવરૂપી વેલનું મૂળ છે, તથા ઉપાદાનની અપેક્ષાએ પોતાનામાં થતા સમસ્ત મોહરાગદ્વેષાદિભાવ તે ભવરૂપી વેલનું મૂળ છે. નિશ્ચયપ્રાયશ્ચિત્તમાં અર્થાત્ ત્રિકાળ પ્રાયશ્ચિત્તસ્વરૂપ વસ્તુમાં જ જે લીન છે એવા મહાતપોધન, ભવરૂપી વેલના મૂળ–કંદાત્મક શુભાશુભભાવસ્વરૂપ પ્રશસ્ત–અપ્રશસ્ત વચનરચનાને તથા મોહરાગદ્વેષાદિ પરભાવોને નિવારે છે, છોડે છે.

ઇન્દ્રિયજન્ય ભ્રાંતિગત સુખ એ તો ઝેરના પ્યાલા છે. મુનિ તો અતીન્દ્રિય આનંદના પ્યાલા ઘટક ઘટક પીવામાં મશગૂલ છે. અતીન્દ્રિય મહાસાગર એવા આત્માના ઉગ્ર આલંબન વડે જેમણે પર્યાયમાં આનંદસાગરને ઉછાળ્યો છે એવા તપસ્વીએ, ગુણ–ગુણીના ભેદના વિચારોને–શુભ વિકલ્પોને છોડયા છે, નિવાર્યા છે.

જુઓ, આચાર્યદેવ કહે છે કે પર્યાય રહિત નિજકારણપરમાત્મતત્ત્વમાં એકાગ્રતા કરવાથી આનંદનું ઝરણું પર્યાયમાં વહેવા લાગે છે. જેમ કોઈ સરોવર છલોછલ ભર્યું હોય, તેમાંથી જરાક ઢાળ આપવાથી પાણીના ધોધ બહાર તરફ વહેવા લાગે છે, તેમ અતીન્દ્રિયઆનંદનો સાગર એવું નિજ પરમાત્મતત્ત્વ આનંદથી છલોછલ ભર્યું છે, તેમાં એકાગ્રતારૂપી ઢાળ આપવાથી પ્રગટ પર્યાયમાં અતીન્દ્રિય આનંદ વહેવા લાગે છે. સુખ–શાંતિ પામવાનો આ એક જ માર્ગ છે. વસ્તુસ્થિતિ જેમ છે તેમ સ્વીકાર્યા વિના અનંતકાળે પણ મુક્તિ થશે નહીં. માટે જેમ છે તેમ યથાર્થ રીતે સમજીને નિર્ણય કરવો.

# ❀ સુવર્ણપુરીના વિવિધ સમાચાર ❀

* સોનગઢમાં પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજી રહ્યા છે. પ્રવચનમાં સવારે શ્રી પ્રવચનસારનો ચરણાનુયોગસૂચક ચૂલિકા નામનો અધિકાર પૂરો થતાં પરિશિષ્ટની ૪૭ નયો પર પૂજ્ય ગુરુદેવનાં અપૂર્વ પ્રવચનો ચાલી રહ્યાં છે; બપોરે શ્રી નિયમસારનો શુદ્ધનિશ્ચય–પ્રાયશ્ચિત્ત અધિકાર પૂરો કરીને પરમ–સમાધિ અધિકાર પર પ્રવચનો ચાલી રહ્યાં છે.

* ભગવાન મહાવીરનો ૨૫૦૦ વર્ષીય નિર્વાણ મહોત્સવ ઘણા જ હર્ષોલ્લાસ પૂર્વક ઊજવાયો હતો અને બહાર ગામના અનેક મુમુક્ષુ ભાઈ–બહેનો આ નિર્વાણમહોત્સવનો તથા પૂજ્ય ગુરુદેવની મંગલ વાણીનો લાભ લેવા અહીં આવ્યા હતા.

* પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૨ મી જન્મજયંતિ પર તેઓશ્રીને અર્પણ કરવા શ્રી રજનીકાંત મગનલાલ સુંદરજી મહેતા (રાજકોટ–નિવાસી) તરફથી બનાવાયેલું, શ્રી સીમંધરજિનની સભામાં કુંદકુંદાચાર્ય તથા વિદેહના ધર્મપ્રેમી ગુણિયલ રાજકુમારની ઉપસ્થિતિ દર્શાવતું ચાંદીનું સમવશરણ સંજોગવશાત્ તે પ્રસંગે અર્પણ નહીં થઈ શકવાથી, દીપાવલીના મંગલ–પર્વના દિવસે સવારે પ્રવચન પહેલાં તેમના તથા તેમના કુટુંબીજનો દ્વારા પૂ. બેનશ્રીનને તે સમવશરણ–પ્રતીક હજારેક મુમુક્ષુઓની ઉપસ્થિતિપૂર્ણ પ્રવચનસભામાં આનંદોલ્લાસપૂર્વક અપર્ણ કરવામાં આવ્યું હતું.

* દીપાવલીના મંગલ પ્રભાતે પ્રવચન પહેલાં પૂજ્ય બહેનશ્રીને સમવસરણપ્રતીક અર્પણ થયા પછી, શ્રી વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ–ભાવનગર તરફથી મુદ્રિત પંચાસ્તિકાયસંગ્રહ–શાસ્ત્રની નવી આવૃત્તિની પ્રકાશનવિધિ થઈ હતી. આ પ્રસંગે શ્રી હીરાલાલજી કાલા, ભાવનગરવાળાએ પ્રસંગોચિત સંક્ષિપ્ત વક્તવ્ય દ્વારા, ભગવત્કુંદકુંદાચાર્યના અધ્યાત્મગંભીર પરમ ગહન શાસ્ત્રોનો ગુજરાતી સરલ ભાષામાં અનુવાદ કરી મુમુક્ષુ સમાજ ઉપર ઉપકાર કરનાર અધ્યાત્મતત્ત્વરુચિવંત વૈરાગ્યપ્રેમી નિસ્પૃહ મહાનુભાવ શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ પ્રતિ આભારદર્શન કર્યું હતું, તથા તેમને પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનો ચાંદીની ફ્રેમમાં મઢેલ સુંદર ફોટો શ્રી લાલચંદભાઈ મોદીના શુભ હસ્તે ઉક્ત ટ્રસ્ટ દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો.

* નૂતન–વર્ષના દિવસે બૃહદ મુંબઈ મુમુક્ષુમંડળ સહિત દાદર મુમુક્ષુમંડળે પૂ. શ્રી ગુરુદેવની ૮૭ મી જન્મજયંતી ઊજવવાનો અમૂલો લાભ દાદર (મુંબઈ) મુમુક્ષુમંડળને આપવા સવિનય પ્રાર્થના કરી હતી. તેમની હર્ષોલ્લાસભરી વિનંતીનો પૂજ્ય ગુરુદેવે સ્વીકાર કરી સંમતિ દર્શાવી છે. આ નિમિત્તે મુંબઈમાં પૂજ્ય ગુરુદેવનો ચૈત્ર સુદ ૧૨ થી વૈશાખ સુદ ૩, તા. ૧૧–૪–૭૬ થી તા. ૨–૫–૭૬ સુધી કાર્યક્રમ નક્કી થયો છે. આ પ્રસંગે અનેક ભવ્ય જીવોને ભગવાન મહાવીરનો આત્મકલ્યાણકારી સંદેશ પૂજ્ય ગુરુદેવના શ્રીમુખથી શ્રવણ કરવાનો મહાન લાભ પ્રાપ્ત થશે.

આગમ–મહાસાગરના

# * અણમુલા રત્નો *

* જે મહાનુભવ પોતાના સ્વરૂપનું ધ્યાન ન કરતાં, પંચ પરમેષ્ઠિના સ્વરૂપનું ધ્યાન કરે છે, તેને ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ તો થાય છે પરંતુ કર્મોનો ક્ષય થતો નથી.

( યોગસાર અ. ૪, ગાથા ૪૮ )

* જે મૂઢ પુરુષ પરમાત્મા દેહમાં વિદ્યમાન હોવા છતાં પણ બીજી જગ્યાએ તેને શોધતો ફરે છે, તે પુરુષ ભોજન તૈયાર હોવા છતાં પણ ભીખ માટે રખડતો ફરે છે એમ જણાય છે. ( યોગસાર અ. ૬, ગાથા ૨૨ )

* જે રીતે ચંદનથી ઉત્પન્ન થયેલી અગ્નિ પણ અવશ્ય દઝાડે છે, તે રીતે ધર્મથી ઉત્પન્ન ( પ્રાપ્ત ) થયેલા ભોગ પણ અવશ્ય દુઃખો પ્રદાન કરે છે.

( યોગસાર અ. ૯, ગાથા ૨૫ )

* જે સમયે સમ્યગ્જ્ઞાનરૂપી દીપકથી ભોગોની નિર્ગુણતા જણાય છે, અર્થાત્ ભોગ જરા પણ ગુણકારી નથી, આ વાત અચળરૂપે હૃદય પર અંકિત થઈ જાય છે તે સમયે ભોગ અને સંસારથી વૈરાગ્ય થાય છે. ( યોગસાર અ. ૯, ગાથા ૨૫ )

* આ આત્મા અરિહંત અને સિદ્ધના રૂપે ચિંતવવામાં ( ધ્યાવવામાં ) આવતાં ચરમશરીરીને મુક્તિ પ્રદાન કરે છે અને તેના ધ્યાન સાથે પુણ્ય ઉપાર્જન કરનાર અન્યને તે મુક્તિ પ્રદાન કરે છે અને તેના ધ્યાન સાથે પુણ્ય ઉપાર્જન કરનાર અન્યને તે મુક્તિ ( સ્વર્ગ, ચક્રવર્તી આદિના ભોગો ) પ્રદાન કરે છે.

( તત્ત્વાનુશાસન શ્લોક ૧૯૭ )

* હે બુદ્ધિમાનો ! આત્મજ્ઞાનરૂપ પવિત્ર તીર્થ એક આશ્ચર્યકારી તીર્થ છે. તેમાં બરાબર સારી રીતે સ્નાન કરો. જે કર્મમળ અંતરંગમાં છે ને જેને અન્ય કરોડો તીર્થો ધોઈ શકતાં નથી. તે મેલને આ આત્મજ્ઞાનરૂપી તીર્થ ધોઈ નાંખે છે.

( પદ્મનંદી આચાર્યદેવ )

* જો ઝુંપડીમાં આગ લાગી જાય તો તે ઝુંપડીમાં લાગેલી અગ્નિ ઝુંપડીને જ બાળે છે, પરંતુ તેની અંદર રહેલા આકાશને ( ખાલી જગ્યાને ) બાળતી નથી; તેવી રીતે જે શરીરમાં નાના પ્રકારે રોગ ઉત્પન્ન થાય છે તે રોગ તે શરીરને જ નષ્ટ કરે છે, પરંતુ તે શરીરમાં રહેલા નિર્મળ જ્ઞાનમય આત્માને નષ્ટ કરતો નથી.

( પદ્મનંદી આચાર્ય )

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) કારતક
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત ૩૧૦૦